
# અધ્યાત્મ

વર્ષ : ૯

અંક : ૧

ઓક્ટોબર : ૧૯૮૭



## ※ સદ્‌ભાવભરી સહાયની સરવાણી ※

ઘણીવાર આપણે અશ્રદ્ધાળુ લોકોને કહેતા સાંભળીએ છીએ કે–ભગવાનની કે સંતપુરુષોની કૃપા જેવું કંઈ હોતુ નથી; કારણ એનો કોઈ પ્રત્યક્ષ પૂરાવો એમને કોઇ આપી શકતું નથી વાત સાચી; પરંતુ એમ જોઇએ તો તમારામાં રહેલો આત્મા–કે ચિન્મય શક્તિ પણ તમને કયાં દેખાય છે ? છતાં તેનું અસ્તિત્વ તમે અનુભવો છો, કારણ કે તમે જીવો છો. એ એનું પરિણામ છે. તમે તે જોઈ શકો છો. 'અધ્યાત્મ'ને મળતી સદ્‌ભાવભરી સહાય પણ આવી જ છે. એનું પરિણામ અમને દેખાય છે. એમાં પૂ. ગુરુદેવની કૃપાનું દર્શન અમને થાય છે.–

છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ–

૩૨૫-૦૦ અમેરિકાના એક ભાઈ તરફથી.
૨૭૯-૬૦ શ્રી દિનેશભાઈ પટેલ, લેસ્ટર.
૧૦૧-૦૦ શ્રી ઇન્દ્રવદન મો. શાહ, રાજકોટ.
૫૦-૦૦ શ્રી કૈલાસબેન વિનોદભાઈ જોષી, વડોદરા.
૧૫-૦૦ શ્રી સીતાબેન તુલસીદાસ ચૌહાણ, સુરેન્દ્રનગર.
૨૫-૦૦ શ્રી ગોરધનભાઈ રણછોડભાઈ હિંગુ, ખોરાસા.
૨૫-૦૦ પુત્રના લગ્ન પ્રસંગે ગોરધનભાઈ તરફથી.
૨૧-૦૦ શ્રી ચંદ્રકાન્તભાઇ પંડ્યા પુત્ર સંજયને સારી શાળામાં પ્રવેશ મળતાં.
૨૫-૦૦ એક સાધક તરફથી, ભાવનગર.
૫૧-૦૦ ચિ. નંદીશના જન્મદિન નિમિત્તે હા. કૌશલ્યા બેન, પટેલ અમદાવાદ.

( અનુસંધાન ટાઇટલ પેજ ૩ ઉપર )



પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. માતાજી જ્યોતિર્મયી

## * ભાગ્ય *

નિસર્ગના ખોળે ખેલેલાં ધારી જન્મ તમે,
એવી માતા મેળવવાનું પામ્યા ભાગ્ય અમે.
ગૌરવ છે અમને એ માટે; કૂડકપટ શોષણ,
અનાચાર અન્યાય કર્યાં ના; પામીને પોષણ.
જર્જર શાંત મઢૂલીમાંથી બન્યાં સર્વને વંદ્ય,
તમને મેળવવાનું પામ્યાં ભાગ્ય અમે બલવંત.

જીવન સાદુ, શુદ્ધ વિચારો, વિશદ તમારી વાણી,
નિર્ભયતા સ્વાશ્રય અપરિગ્રહ સહજ સરળતા ભારી.
પ્રેમ ટેક નિઃસ્વાર્થ તમારી ઉપકારકતા ન્યારી,
પીવાનું મૂકીને પાતાં અન્ય જનોને પાણી.
છાયાં ધરતાં તાપ સહીને, અશ્રુ લૂછતાં રોઈ,
ઘા રૂઝવતાં જખમી દિલના સુખ પોતાનું ખોઈ.
શાંત સ્વમાની પવિત્ર પ્રભુમય જીવનને જીવનારાં,
જ્યાં પણ વિચર્યાં વસ્યાં ત્યાં બન્યાં સર્વજનોનાં પ્યારાં.

બગાડયું નહીં કોઇનુંયે બગાડવા ના માગ્યું,
સદા સુધાર્યું અન્ય જનોનું બગડયું નિજ છો લાગ્યું.
નાના ગામે જન્મ ધરીને જગનાં થયાં તમે,
એવી માતાને મળવાનું પામ્યા ભાગ્ય અમે.

—યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૧ છૂટક નકલ ૨-૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )
સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી.
અમદાવાદ.
તંત્રી–સંપાદક : શ્રી નારાયણ હ. જાની.
સહસંપાદકો : શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર,
શ્રી મણિભાઈ સી. શાહ.
પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી.
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧
તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
મુદ્રણસ્થાન : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવા.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| યોગેશ્વર કથામૃત | શ્રી સર્વેશ્વરી | ૩ |
| પ. પૂ. માતાજી શ્રી જ્યોતિર્મયીની નોંધપોથી | — | ૧૩ |
| માતૃભક્ત શ્રી યોગેશ્વરજી | મહેન્દ્ર પંડ્યા | ૧૭ |
| પરમ વંદનીય સર્વેશ્વરી માને ચરણે | મધુરમ્ | ૨૪ |
| ચમત્કારો આજે પણ બને છે | નારાયણ હ. જાની | ૨૫ |
| ઝળહળતા ભાવ–મધ્યાહ્નો | ભાઈલાલભાઈ છાટબાર | ૩૧ |
| કાષ્ટમૌનની સાધના | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૪ |
| શ્રદ્ધાંજલિ | તંત્રી | ૩૮ |
| નથી જોઈતું | ડૉ. રણજિત પટેલ | ૪૩ |
| ઈશ્વર કી ઓર | મમતા પી. ભાટીયા | ૪૪ |
| વ્રતોત્સવ–૬ | કલ્યાણ | ૫૦ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૯ ઓક્ટોબર–૧૯૮૭ અંક : ૧

## યોગેશ્વર કથામૃત

તા. ૧૯/૮/૧૯૮૦ સં. ૨૦૩૬ શ્રાવણ સુદ આઠમ ને મંગળવાર.

સ્થળઃ– શ્રી નંદુભાઈ ચા વાળા, 'પ્રયાગ' નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ.

આજે તો પૂ. શ્રીએ સવારના પહોરમાં એક વાત કરી કે તમે કપુરા જવા માંગો છો તો જજો. તે પછી ઉમેરે છે કે કોનો કેટલો ભાવ છે, તેની ખબર આપણે ગંભીર માંદગી-ની ખબર આપીએ પછી પડે. આપણી માંદગી સાંભળી તુરત જ કોણ કોણ દોડી આવે, એમ કહી, એવા ભકતોનાં નામ ગણાવે છે.

મને થયું કે જેને જેને પૂ. શ્રીએ સવારના પ્રહરમાં કારણવિના યાદ કર્યા તે તે ભકતો સાચે જ ભાગ્યશાળી છે. કારણવિના કૃપાળુ તે કદાચ સાચુ જ હશે.

નિયમ પ્રમાણે વ્યાયામ, જપ થઇ ગયા. સાડા આઠે દ્વાર ઉઘડી ગયાં છે. શ્રી નંદુભાઈની ત્રણે દીકરીઓ સફાઈ–કામ માટે આવી ગઈ છે. પૂ. શ્રી દૂધ લઈ લે છે. ઘરનાં સૌ

પ્રણામ કરવા આવે છે. જેણે જેણે મંત્રો પૂ. શ્રી પાસે લીધા છે તેને તેને પૂ. શ્રી પૂછે છે–"યે કૌન હૈ?...મંત્રજાપ કિયા હૈ?" આવી લાક્ષણિક ઢબે સૌને પૂછવા માંડ્યું. જાણે કે આદર્શગુરુ પોતાના શિષ્યોને આપેલું ઘરકામ ચકાસી રહ્યા હોય એવું લાગ્યું. વડોદરા પણ એ રીતે જીતુભાઇના ત્રણે બાળકોને દરરોજ સવારે આ પ્રશ્ન પૂછતા.

અહીં એમની ત્રણ દીકરીઓ ને બે દીકરા પૈકી કોઇએ પણ આજે મંત્ર જપ કર્યા ન હતા, એ લોકોએ કારણ બતાવ્યું કે મોડા ઉઠ્યા હતા, મનમાં નામજપ ચાલું જ છે. પૂ. શ્રી ખૂબ પ્રેમથી કહેવા લાગ્યા, "જુવો! હરતાં ફરતાં ચણા મમરા ફાકો પણ બેસીને જમવાનો આનંદ જુદો જ હોય છે. માટે મંત્રજપ બેસીને જ કરો. ડોકટર દવા આપે ને તે દવા દર્દી લેજ નહીં તો?" મંત્ર તો આપ્યો પણ જપો જ નહિ તો કલ્યાણ શી રીતે થાય? જેથી તમારા કલ્યાણ માટે હું પૂછું છું." આટલું કહી ઘરના માલિકને પૂ. શ્રી કહેવા લાગ્યા કે દરરોજ સવારે આ છોકરાઓએ જપ કર્યા કે નહીં તે પૂછજો." આટલી વાતચીત પછી બાબુભાઇ વોરા સહિત સૌ વિદાય થયા.

પૂ. શ્રી માળા હાથમાં ફેરવી રહ્યા છે. માળા કરતાં કરતાં જ વાતચીત કરી. એજ માળા લઇ પોતાની રૂમમાં જાય છે. અગિયાર વાગ્યા છે. શ્રી ભાઇલાલભાઇને ખબર આપતો ટ્રેલીગ્રામ પૂ. શ્રી તૈયાર કરે છે. ભાવનગર કાલે આવીએ છીએ પહેલાં તમારે ત્યાં આવીશું, ઉતારો તૈયાર રાખજો. આ લખાણ પૂ. શ્રી મને આપે છે. દ્વાર ખૂલે છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છે. સૌ પ્રણામ કરી યથાયોગ્ય સ્થાને ગોઠવાતા જાય છે.

પ્રશ્નઃ- કેટલા લાખ જપ કરીએ તો મંત્ર સિદ્ધ થાય?



પૂ. શ્રીઃ-મંત્રની સિદ્ધિનો આધાર જપનારના મન ને હૃદયની શુદ્ધિ ઉપર છે. મનની વિશુદ્ધિ એટલે શું? મનના બૂરા વિચારો, બૂરા ભાવો, બૂરી વાસનાનો વેગ ઓછો થાય ને વળી જે પ્રભુનો મંત્ર છે તે સ્વરૂપ પ્રત્યે પ્રેમ, તેને મળવાની લગન, લાગણી વધે એટલે કે જેટલા પ્રમાણમાં મળવાની ઉત્કંઠા જાગે એટલે તે મંત્ર સિદ્ધ થયો ગણાય.

લોકો માને છે કે મંત્ર જપીએ તે મંત્ર જપથી નોકરી મળે, કામ સફળ થાય, ધન મળે. વગેરે એ મંત્રસિદ્ધિ નથી. મંત્રસિદ્ધિ એટલે તે મંત્રથી પ્રભુનાં દર્શન થાય. જેનો મંત્ર હોય તે દર્શન આપે. દર્શન બે રીતે થાય. દેહભાન ભૂલાય. જપ કરતાં કરતાં સમાધિમાં દર્શન થાય. બીજુ દર્શન ખુલ્લી આંખે થાય. સ્વપ્નમાં દર્શન થાય એ સારી અવસ્થા છે, પણ ઉત્તમ અવસ્થા નથી. મંત્ર સમજીને જપો.

પ્રશ્નઃ- મંત્રોની આગળ બીજમંત્રો લગાડવા જરૂરી છે?

પૂ. શ્રીઃ- જે મંત્રો વેદકાળથી ચાલ્યા આવે છે, તેમાં ભેળસેળ ડાલ્ડા ઘીની જેમ શા માટે કરો છો? બીજ મંત્રથી જ મંત્રની શક્તિ વધે છે એવું શા માટે માનો છો? અરે! એકલા શિવ શિવ જપવાથી પણ આપણું કામ થઇ જાય. આપણે સીધી વાતો કરતા નથી. પ્રભુ પણ જાણે કે આ ભક્તને હજી મારી એટલી બધી જરૂર નથી. બીજમંત્રોમાં જ ભક્ત અટવાઈ જાય છે. મારી સાધનામાં મને આવા બીજ મંત્રોની જરૂર નથી પડી. ભગવાન સાથે સીધો વાતો કરતાં શીખો.

પ્રશ્નઃ-અનુષ્ઠાન વિષે થોડી માહિતી આપશો?

પૂ. શ્રીઃ-અનુષ્ઠાન કરો ત્યારે સંયમ પાળો, જૂઠું ન બોલો, દગો ન કરો. મંત્ર શુદ્ધ રીતે જપો. આત્મશાંતિ માટે અનુષ્ઠાન કરો તો વિધિની જરૂર નથી. અનુ-નાનું સ્થાન-ભગવાનના

હૃદયમાં આપણું સ્થાન થઇ જાય તે અનુષ્ઠાન.

એક બહેનનો પ્રશ્ન હતો તાંત્રિકવિદ્યા એટલે શું? એના ઉત્તરમાં પૂ. શ્રી એ કહ્યું, "એ બધું તમારે જરૂરી નથી. મંત્ર જપ કરો. એના ઉત્તરમાં પૂ. શ્રીએ સ્વામી રામદાસ ને કૃષ્ણાબાઈ (કાનનગઢ)ની વાતો કરી. તાંત્રિકવિદ્યાથી ભોળવાઇ જઈ સંતપુરુષને કેવો દગો એક ભક્ત કરે છે. તેની વાતો કરતાં કરતાં ગુજરાતનાજ સંતો સત્પુરુષો, શાસ્ત્રીઓને કોણ સત્કારે છે? ઘર આંગણાના સંતોને આપણે ઓળખતાં નથી. સૂરતમાં પૂ. શ્રીને મળેલા ગુજરાતી સંત કે જેમનું પ્રવચન સૂરત સનાતન હોલમાં ચાલતું હતું ત્યાં પૂ. શ્રીને આમંત્રણ આપ્યું. તેની વાતો થઇ. તે માધવતીર્થના શિષ્ય કૃષ્ણાનંદ હતા.

આટલા વાર્તાલાપ પછી સમય થઇ ગયો. મોરબીના શ્રી સુતરીયાભાઇને દોહા બોલવાની પૂ. શ્રીએ આજ્ઞા કરી. સૌ ભક્તો વિખેરાયા.

આજે સવારે જ પૂ. શ્રીએ સ્નાન કરીને પરમ શક્તિને પૂછી જોયું કે કયારે જવું? એમની આજ્ઞા થઈ કે આવતી કાલે સવારે જઇશું. જેથી ભાઇલાલભાઇને ટેલીગ્રામ પણ કરવાની વાતો થઇ. ત્યારબાદ પૂ. માતાજી ની વાત થઇ. પૂ. શ્રી-ને મેં પૂછ્યું; પૂ. માતાજી આવે તો સારું. તમને અને તેમને બન્નેને શાંતિ થાય અને સમાજમાં સારું દેખાય ખરુને!

પૂ. શ્રીઃ-તમે યાદ રાખો-સમાજમાં સારું દેખાય કે ને દેખાય તેની મને કશી પરવા નથી. તેમની ગેરહાજરીમાં છોટા ઉદેપૂર, વડોદરા, રાજપીપળા, કપૂરા કે સૂરત શું વાંધો આવ્યો? એક સમયે આપણાં બધાં જ કેન્દ્રો મને ના પાડી દે તો પણ મને વાંધો નથી. પણ સમાજમાં સારું દેખાય માટે પૂ. માતાજીને આપણી સાથે રાખીએ એવું મેં કદી વિચાર્યું નથી. પણ એ જીવ આપણી સાથે રહેલો છે,



સંસ્કારી છે પણ આવી ભ્રાન્તિ લઇને દુઃખી થાય છે; તેથી કોઈ જીવને શાંતિ મળતી હોય, તેનું કલ્યાણ થતું હોય, તો આપણે સાથે રાખવા તૈયાર છીએ. તેમની પોતાની શાંતિ માટે સમજાવવાં જરૂરી છે. તેમને શાંતિ મળે માટે; નહીં કે તે માતા છે માટે. પછી તો આપણા પ્રયત્નો પણ સફળ ન થાય તો તેમનાં પ્રારબ્ધકર્મ અને તેમના સંસ્કારો. આપણે પ્રયત્ન કરવા.

સવારે અગિયારથી બારની બેઠક પૂરી થતી હતી. ત્યાંજ ભાવનગરથી ગાડી આવી ગઈ છે. એવા સમાચાર આવ્યાને! પૂ.શ્રીએ કહ્યુ "આજે નહીં, આવતી કાલે સવારે જઇશું. આ સંદર્ભ કેટલો સત્ય છે તે જરા જોઈ લઈએ.

ગઇકાલે સાંજે વિચાર હતો કે આજે સાંજે ભાવનગર જઇશું. સવારે પરમશક્તિએ ના પાડી, કાલે સવારે જ જઇશું, આજે નહીં." એ મુજબ ૧૨ પહેલાં ભાઈલાલ-ભાઇને તાર કરવામાં આવ્યો અને સાચે જ આવતીકાલે જ જઇ શકાય એવી સ્થિતિનું સર્જન થયું. ભાવનગરથી જે ગાડી આવી હતી તે રસ્તે ત્રણવાર બગડી હતી. તે સવાર સુધીમાં જ રીપેર થઈ શકે એવી હતી. જેથી જાણે આ બધું જ પરમશક્તિ જાણતી જ હતી તેથી જ એમણે જોઇને ચકાસીને આપેલું સૂચન હતું કે "કાલે જવાનું છે." પરમશક્તિની આજ્ઞા કેવી મંગલમય હોય છે તે પૂ.શ્રીના જીવનમાં વારંવાર જોવા મળે છે. એ પણ મારું સદ્ભાગ્ય જ છે ને!

આજે યુવાન ભકતો અતુલ કોન્ટ્રાકટર (જે પૂ.શ્રીની માંદગી દરમ્યાન દરરોજ ચારુલ ફ્લેટમાં આવતો, એન્જી-નીયરીંગ કોલેજનો વિદ્યાર્થી) શ્રી ધનજીભાઇ સુતરીયા (જેઓ મોરબીની કોલેજમાંથી આવેલ, 'એન્જીનીયરની

ડીશ્રી લીધી. દોહા ખૂબ સુંદર ગાય છે.) ગોવિંદભાઈ અને ગેડીયાભાઈ (જેઓ પણ એન્જીનીયર બની ગયા છે) વિગેરે પૂ. શ્રી માટે ના પાડવા છતાં રસગુલ્લાં, ગુલાબ જાંબુ, ચીકુનો હલવો, સફરજન લાવ્યા હતા. વિદ્યાર્થીઓએ આમાં પૈસા શા માટે વેડફી નાખવા! પૂ. શ્રી એવું માને છે પણ તે સૌ પ્રેમથી એ વસ્તુ લાવ્યા એટલે સ્વીકારવી પડી. પૂ.શ્રીએ ભોજનમાં આજે રસગુલ્લા જ મુખ્ય લીધાં. જે વસ્તુ ભાવે તેજ એક વસ્તુથી પૂ. શ્રી ભોજન પૂર્ણ કરે. ચારેય યુવાન ભકતોને ફરીથી એ દરેક વસ્તુ પ્રસાદરૂપે આપી દીધી, તેઓને પણ ગુરુદેવની એ પ્રસાદી લેતાં આનંદ થયો.

પૂ. શ્રી જેમ પોતાના ચરણો ધોઇને ભકતો પણ પવિત્ર પાણી લે તે નાપસંદ કરે છે, તેમ પૂ. શ્રીની ભોજનની થાળીમાંથી જે બાકી રહેલા પદાર્થો હોય તે ભકતો પ્રસાદ તરીકે સ્વીકારે તે જરાપણ પૂ. શ્રી ને ગમતું નથી. એ રીતે ચરણોદક ને એઠું ગુરુદેવનું ખાઇને કોઈની પ્રગતિ થતી નથી. એમ પૂ. શ્રી માને છે. સાથે સ્વચ્છતાના નિયમનો પણ એમાં ભંગ થાય છે.

એજ રીતે મંદિરોમાં અપાતા ચરણામૃતનાં પાણી કેટલાં ગંદા ને પૂજારીઓ કયાંથી ભરે છે, તેના સચોટ દાખલા આપી સમજાવે છે કે એ બધા ગંદાપાણીનો સ્વીકાર કરવાથી ભકિતમાં કોઇ વધારો થતો નથી.

પૂ. શ્રીની આ બધી મૌલિક વિચારસરણિ છે અને તે આજના બુદ્ધિવાદી માનસને સ્પર્શે–સમજાય એવી છે.

ભોજન બાદ પૂ. શ્રી પેપર ઉપર નજર ફેરવવા બેઠા છે, મને આ ઘરના માલિક શ્રી નંદુભાઇ અને એમનાં ધર્મપત્ની ને મંત્ર અંગેનું માર્ગદર્શન લેવા માટે બોલાવવાની સૂચના કરી. શ્રી નંદુભાઈ અને એમનાં ધર્મપત્નીએ એમનું માર્ગદર્શન લીધું, અને ગઈ કાલે થયેલી પરમશકિતની આજ્ઞાની વાતોનું



સત્ય ને સચોટ દર્શન તેઓએ આજે અનુભવ્યું. તેથી તેમને ખૂબ આનંદ હતો. ભાવનગર જવાની આજ્ઞા સવારે જ પરમ શકિતએ આપી તે કેટલી સાચી ઠરી તે તેમને અનુભવવા મળ્યું છે.

આજે પણ પૂ શ્રી ૩–૪૫ મિનિટ નીચે ઉતરી ગયા, પૂ. માતાજી આવનાર હોવાથી નીચે મળવાનું ગોઠવાયું છે. તે દરમ્યાન પાંચ વાગ્યા સુધી આવતી કાલની તૈયારી કરી. પાંચ વાગ્યા એટલે મેં ઉપરનું બારણું ખોલ્યું. ઘરનાં સૌ અને યુવાન ભક્તો આવી ગયા. યંત્રવત્ પ્રાર્થના સંભળાય છે. ને સરયુબેને સૂરતનો પ્રસંગ કહી સત્સંગ કર્યો. એમાં એક વાત જાણવા મળી.

અમે પૂ. શ્રીને વડોદરા મળવા આવ્યાં. વિદાય થતી વખતે પૂ. શ્રીએ અમને ખાસ બોલાવીને કહ્યું, "તમે સારી રીતે પહોંચી જશો કંઇ ચિંતા ન કરશો." અમે પૂછ્યું ન હતું, છતાં પૂ. શ્રીએ એ વાત મને પણ ખાસ બોલાવીને ફરીથી કહી. અમે અમદાવાદ જવા બસસ્ટેન્ડ ઉપર આવ્યાં. પહેલી બસને બદલે જેમતેમ બીજી બસમાં ચઢયાં. જગ્યા મળી ગઇ. અમદાવાદથી રાત્રે સાડા અગિયારે આવી ગયાં. ઘરે આવવા રીક્ષા કરીને જે રીક્ષામાં બેઠાં તે રીક્ષા ખમાસાગેટ આવી એક સ્કૂટર સાથે અથડાઇ ને તુરત જ રીક્ષા એક જ વીલ ઉપર થઇને ઉંધી પડવાની તૈયારી થઇ. પણ એક વીલ ઉપર થોડે સુધી રીક્ષા ચાલીને તરત જ સીધી થઇ ગઈ. અમે રીક્ષામાં સલામત રીતે ઉગરી ગયાં! રીક્ષા ઉથલી પડતાં અમે સૌ હોસ્પીટલ ભેગાં થાત અને તરત જ અમને પૂ. શ્રી ગુરુદેવ યાદ આવ્યા કે એમની કૃપાથી બચી ગયાં.

આ પ્રસંગમાં પૂ. શ્રી ની સૂચના કેવી સાચી ને સાંત્વનયુકત હતી તેનો મને ખ્યાલ આવ્યો.

પૂ. માતાજી તથા પૂ. શ્રી બહાર ખુલ્લામાં ખુરશીમાં બિરાજતાં સત્સંગ શરૂ થયો. પૂ. શ્રીએ શ્રી સુતરીયાને અને ગોવિંદભાઇને ભજન ગાવાની સૂચના કરી. ભજનો ગવાયાં. પ્રશ્નોત્તરી શરૂ થયા પહેલાં શ્રી પદ્માબેન ત્રિવેદી-ને ભજન ગાવાનું ફરી એક સૂચન થયું. મારી જીવન વીણા તૂટી ગઈ. સરસ ભજન ગવાયું. ભજન પૂરું થતાં એ ભજનના શબ્દો પર પૂ. શ્રીએ કહ્યું, "મોટર ગમે તેવી બગડે તો પણ તે રીપેર થઈ શકે. તેમ જીવન વીણાના તાર તૂટે તો સાજા થાય. પ્રભુની કૃપાથી, પ્રભુનું સર્વ પ્રકારે શરણ લેવાથી જીવન-નું સાજ ને બેસૂરાપણું મટી જાય. પછી સારેગમપધનીસા-નું સંગીત આરોહ અવરોહ સાથે છૂટવા માંડે. નામજપ ભગવાનની શરણાગતિથી જીવનવીણા વાગે છે.

પ્રશ્નઃ-વેદમંત્રોની સાથે કરન્યાસ, અંગન્યાસ જરૂરી છે ખરા ?

પૂ. શ્રીઃ-વેદમંત્રોની સાથે તે બતાવેલા નથી. કર્મકાંડની અસરથી એ બધું જોડાયું છે. એની જરૂર નથી. હાથ, મોઢું, પગ શુદ્ધ કરી એ અંગો વડે બુરાકર્મો ન કરો, પછી મંત્ર જપવા માંડો. મંદિરોમાં દર્શનાર્થીઓ જે ચેનચાળા કરે છે તે ભગવાન નથી જોતા. ભગવાન તો વિશુદ્ધ દિલ જુવે છે तस्मात् भावः प्रवर्तते ભાવ જ મુખ્ય છે.

પ્રશ્નઃ-મનનો લય ને સમાધિની વચ્ચે શું અનુભવ થાય ?

પૂ. શ્રીઃ-દિવ્યદર્શન, વાર્તાલાપ, પ્રકાશ દર્શન પણ થાય છે. મનના લયથી જે શાંતિ મળે છે તે વ્યહવારમાં પણ પછી ટકી રહે છે.

પ્રશ્નઃ- લોકો ગુરુના, શનિના, મંગળના નંગ પહેરે છે તે લાભદાયક ખરાં ?

પૂ. શ્રીઃ- હું તો પહેરતો નથી. ભગવાનનું જ નંગ



પહેરું છું. પણ જે નંગ પહેરવા આપે તે શાસ્ત્રી, બ્રાહ્મણ સંતસાધુને તો પ્રત્યક્ષ લાભ થાય જ છે. રૂા. ૫૦ કે ૫૦૦ મળી જાય છે. આ નાના ગૃહઉદ્યોગો છે એવા નંગો પહેર-વાથી લાભ થાય કે નહીં તેતો તે જાણે. ફક્ત નંગથી જ લાભ થયો એમ કયારે કહેવાય ? જ્યારે તમે નંગ પહેર્યાં તેની સાથે કોઇ જપ પ્રાર્થના ન કરો તો, નંગને યશ આપી શકાય. ભગવાનનું આરાધન જ લાભ પહોંચાડે.

આવા ઉત્તરથી એક ભાઈ ને એક બેને નંગ પહેરવાના અનુભવો જોયા ને જાણ્યા, તે કહી બતાવ્યા. એટલે પૂ.શ્રીએ તેઓને કહ્યું કે ભાગ્યોદય થવાનો હોય તો કોઈક ને કોઇક નિમિત્ત બની જાય છે. એમ તો ગરીબોને દુઆ ને આશી-ર્વાદ પણ ફળે છે.

પ્રશ્નઃ- સત્કર્મમાં વિઘ્ન કેમ આવે ?

પૂ. શ્રીઃ- કસોટી થાય એમ માનવું. કોઇ કર્મબંધન નડે છે. એટલે જ ચોઘડીયું જોયુ છતાં કર્મબંધનને લીધે વિક્ષેપ આવે છતાં સત્કર્મ તો કરવું જ.

પ્રશ્નઃ- હાલના યુગમાં બ્રાહ્મણ કોને કહેવાય ?

પૂ. શ્રીઃ- ब्रह्मं जानाति स : ब्राह्मण : । દરેક ઇન્દ્રિયો ઉપર સંયમ પાળે તે બ્રાહ્મણ, પ્રશ્નોત્તરી ચાલુ હતી. પૂ. માતાજી વિદાય લેવા ઇચ્છે છે. પૂ. માતાજી પાણી લઈ વિદાય થાય છે. પૂ.શ્રીની સૂચના મુજબ ભજન ગવાય છે. સૌ વિદાય થાય છે. પૂ. શ્રી ઉપર આવી દૂધ, ફળ વગેરે લે છે. આજે શ્રી નરેન્દ્રભાઇ ઠાકરને ત્યાંથી સેવમમરાવાળી ભેળની સામગ્રી આવી હતી જેથી પૂ. શ્રી તે લે છે.

વળી શ્રી બાલુભાઇ સાથે વાતો કરતાં કહે છે માતાજી મારી સાથે રહે તો તેમને પોતાને પણ શાંતિ મળે. એટલે ભાવનગર અમારી સાથે આવે તો સારૂં. એમાં એમનો જ

લાભ છે.

મેં કહ્યું "આ રીતે કોઈને ન ગમતું હોય તો હું ખસી જાઉં ! પૂ. શ્રી કહે, " જગદંબા કહે તો જઈ શકો છો. જગદંબાની ઇચ્છા છે કે તમે રહો. તોજ તમે સાથે રહી શકો છો. નહીં તો જગદંબાની ઇચ્છા ન હોય તો હું પાંચ મિનિટ પણ પાસે ઉભાં ન રાખું તે તો તમે દશ વર્ષથી અનુભવતાં આવ્યાં છો."

આટલી સ્પષ્ટ વાતો પછી મને ખ્યાલ આવ્યો કે આ સમર્થ મહાપુરુષ પોતાના જીવનમાં દરેક વર્તનમાં કેટલા બધા કડક છે. અને પરમશક્તિની ઇચ્છા મુજબ ચાલે છે. ભલે વિશ્વ વિરોધી બની જાય, પણ પરમશકિતની ઇચ્છાને સર્વશ્રેષ્ઠ રીતે જીવનમાં વિરોધોની વચ્ચે પણ અનુસરી જાણે છે.

શ્રી બાબુભાઇ જાય છે. પૂ.શ્રીએ આરામ કરતાં પહેલાં પોતાના સામાનની ચોક્કસ ગોઠવણી કરી લીધી અને હું જરા મોડી. પૂ શ્રીના રૂમની બહાર વાતો કરતી ઉભી છું. ત્યાં તો પૂ. શ્રી પોતાનું ઉપર ઓઢવાનું ધોઇને લઇ આવ્યા મેં કહ્યું હું ધોઇ નાંખત ને ? પૂ. શ્રી કહે "ના, એમાં શું ? પોતાનું કામ પોતે જ કરી લેવું."-કેવો ઉચ્ચ આદર્શ !

—મા સર્વેશ્વરી



# પ. પૂ. માતાજી શ્રી જ્યોતિર્મયીની નોંધપોથી

[ પ. પૂ. યોગેશ્વરજીનાં માતાજી માત્ર લખતાં વાંચતાં શીખેલાં. એમના જમાનામાં છોકરીઓને ભણાવવાનો રિવાજ ન હતો. આવાં પછાત ગામડામાં જન્મી ગરીબાઇમાં મોટાં થયેલાં માતાજીનું સૌભાગ્ય તો જુઓ ! એક સંતપુરુષની માતા તરીકે એમણે અરણ્યવાસનાં દુઃખો વેઠયાં; પુત્રની કઠોર સાધનાનાં સાક્ષી બન્યાં, અને છેવટે આ પાંચ ખંડની પૃથ્વી પર લાંબા લાંબા પરદેશના વિમાની પ્રવાસો પણ પૂ. શ્રી સાથે ખેડયા; અનેક લોકોનું સન્માન પામ્યાં અને જીવનની ધન્યતા અનુભવી.

તા. ૪ ઓકટો.એ પૂ. માતાજીનો નિર્વાણ દિન. એ નિમિત્તે પૂ. માતાજી જે નોંધપોથી પોતાની રીતે લખતાં તેનાં થોડાં પાનાં અહીં આપ્યાં છે.

પ. પૂ. યોગેશ્વરજી ૧૯૭૭માં પ્રથમવાર ઇંગ્લેન્ડ પધારે છે, તે દિવસોની નોંધ પોતાની આગવી શૈલીમાં પૂ. માતાજીએ આલેખી છે. એની ભાષા સાદી સરળ છતાં કેવી ભાવસભર છે, તેનું દર્શન એ વાંચતાં થાય છે. —તંત્રી]

હરિ ૐ

સાઈનાથ કી જય હો, સદા જય હો.

સંવત ૨૦૩૩ના જે. સુદ પુનમ બુધવાર.

"ૐ"

ઇશ્વરની અપાર લીલા.

પરદેશની યાત્રા-લંડન.

પહેલી જૂન બુધવાર અમદાવાદથી પ્રસ્થાન મસુરી જવા નીકળ્યા. ત્રીજી જૂન મસુરી ઇશ્વરની દયાથી સુખરૂપ પહોચ્યાં. તા. ૩/૬/૭૭ થી તા. ૮/૬/૭૭ ના રોજ પ્રવચનો શરૂ થયા. જોવો, હવે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે પરદેશ જવાનું પાકુ થવાથી તા ૨૬ મી પ્રવચનો પુરાં કરી અમો અમદાવાદ આવવા ટીકેટો લીધી. મસુરીના માણસો ખૂબજ પ્રેમી છે. વાત સાંભરી થોડા નિરાશ થયા ને ખુશી પણ થયાં, કારણ કે દર વરસે અમો સાડા ચાર મહિના મસુરી રહેતાં હતાં. છેલ્લા અઢાર વરસથી ને ચાર મહિના સંતસંગ ચાલ્યા જ કરે, જનતા ખૂબ જ પ્રેમથી લાભ લેતી હતી. તા. ૨૭/૬/૭૭ ના રોજ અમોએ મસુરીથી નીકળી બે દિવસ માટે રૂષીકેશ આવ્યાં. પહેલાં લાંબા સમય લગી રૂષીકેશ રહેતાં હતાં. એટલે ગંગાજી યાદ આવે જ. તા. ૨૯ મી એ અમો દહેરાદુન આવ્યાં. સાડા અગિયાર વાગે ગાડીમાં બેસવા વડોદરા જવા માટે. જોવો ઇશ્વરની કેવી લીલા છે. દિલ્હી એક ભાઇને મોકલ્યા અમદાવાદ જવા માટે પરંતુ રીજર્વેશન મલ્યું જ ના, એટલે મસુરીથી જ વડોદરાની ટીકીટો લીધી ને વડોદરા ગયાં. તા. ૩૦ મીએ રાતના સાડાનવ વાગે વડોદરા આવ્યું. પ્રેમીભાઇઓ તથા બેનો કેટલાય હાજર હતાં. ખૂબજ પ્રેમથી સ્વાગત કર્યું. સરસ મજાનો હોલ સ્ટેશન પર રાખેલો. કાર્યક્રમ દોઢેક કલાક ચાલ્યો. પછીથી ભરૂચની શીબીરમાં પ્રેમીભાઈ મહેતા સાહેબની સેવાનો લાભ મલેલો. પૂજ્ય મહાત્માજીએ તેમને પણ લંડન જવાનો પત્ર લખ્યો. તેતો ખૂબજ પ્રેમી બંને આવ્યા. વડોદરા ગાડી લઇ અમોને રાતના-જ મુકવા આવ્યા અમદાવાદ. રાતના એક વાગે પહોચ્યાં મણીનગર બેનબાળકો ખુશ થયાં. સવારે તા. ૧/૭/૭૭ શુક્રવાર અષાડ સુદી પુનમ. ગુરૂપુનમનો દિવસ હતો. અમોએ આ કામ



મુંબઇથી શીબીરમાં આવેલા પ્રેમીભાઈ, જયંતીભાઇને સાંપેલું અમારા પર તે અપાર લાગણી ભર્યો પ્રેમ રાખે છે ને કામ કરી પણ દીધું ઇશ્વરની મહાન દયાથી. થઈ પણ ગયું. પાસપોંટ તો ભાવનગર હતા ત્યારે જ થઈ ગયેલા. વિધી પરદેશ જવા માટે ખૂબજ કરવી પડે છે. હવે મણીનગર ત્રણ દિવસ રહ્યાં. પ્રેમીભાઇઓ બેનો આવેલા મલવા ઘણાજ. સૌને મલી આનંદ થયો.

વરસાદનો પાર ના છતાં હસ્તામુખે સૌ આવેલા. અમદાવાદ તા ૨જીએ અખંડાનંદ હોલમાં કાર્યક્રમ ગોઠવેલો. પૂજ્ય મહાત્માજીના વીદેશ ગમનનો ખૂબ જ સુંદર હતો. હવે તા. ૩ જી બુધવારે રાતના મુંબઇ જવાનું હતું. વરસાદ ચાલુજ હતો. છતાં ખૂબજ પ્રેમીભાઇ બેનો સ્ટેશને અમોને વિદાય આપવા આવેલાં. હારતોરા કરી ખૂબજ આનંદ લીધો ને અમારી ગાડી ઉપડી. જોતાંજ રહ્યા. ગદગદ હ્રદયે જોતાજ રહ્યા. બેન તારા તથા રમીલાબેનને ખૂબજ દુઃખ થયું. વિદાય આપતા થાય તે સ્વભાવિક છે. માતા તથા દીકરીનો પ્રેમજ એવો છે. બેનને અંતરથી આશીર્વાદ આપ્યા બેન તમો ખૂબ જ સુખી રહો. તમારૂ જીવન ઈશ્વર સદા સુખી રાખે. ખૂબ જ આનંદથી રહો ને ઈશ્વર સ્મરણ કરો. અંતરમાં ગદ્‌ગદ્‌ હ્રદય વિચાર થયા કરે. પ્યારા પ્રભુની અપાર લીલાનું જ દાન છે. કયાં નાનકડું સરોડા કયાં પહેલાનું જીવન કયાં? વળી માતાજીનું અન્નજલ પાણી પરદેશનું! મહાન પવિત્ર શ્રી દેવ-સ્વરૂપ તપસ્વીભાઇની તપસ્યાનું ફલ, વડીલોના મીઠા આશીષ-નું જ પરિણામ છે. આતો રંક માતાને ગોદમાં જન્મ ધરી નિમિત્ત બન્યા. ધન્ય છે ભકતને ભગવાન જીવન ધન્ય બન્યું ને સફળ થયું ને માતાનું જીવન પણ ધન્ય બન્યું. જીવ્યું સફળ થયું. જેણે જન્મ ધરી નાની ઉંમરથી જ પ્યારા પ્રભુનું શરણ

લીધું પવિત્ર ચરણોમાં ચિત્ત ચોટાડી તેનું શરણ લઈ અનેક સંકટો સહી જીવન બન્યુ બનાવ્યું છે. તેની સાક્ષી પણ હું બની છું. આવા જીવનને પણ ધન્ય છે.

હવે તા. ૪-૭-૭૭ આવ્યા મુંબઈ સ્ટેશન બધા જ પ્રેમી ભાઈ બેનો આવેલા સ્વાગત કરવા. ખૂબ જ ખુશી થયા ને પ્રેમીભાઈ અરવીંદભાઈ ને પ્રવીણાબેનના આગ્રહથી તેમના ઘરે ગયાં. તે પણ ખૂબ જ સંસ્કારી છે ને પ્રેમીભાઇ કાન્તીભાઇનો વારસો સાચવી રાખ્યો છે, હવે તા. ૬ને બુધવારે તારાબેન સુશીલા પંકજકુમાર અમદાવાદથી આવ્યા હતા પ્રેમી વીપુભાઈને ત્યાં તે પણ ખૂબ જ પ્રેમી છે કાન્તાબેનનો પ્રેમ પણ અજબ છે. ભાઈ જયંતીભાઇ મોટર લઈ ગયેલ બેન બાળકોને લેવા. વરસાદ ખૂબ જ હતો. જમીપરવારી આવ્યા, અમારી પાસે સારોય દિવસ તેમને લાભ મળ્યો. સાંજના સાત વાગે કાર્યક્રમ હતો. ખૂબ જ મુંબઇના ભાઇઓ તથા બેનો ભાવીક છે, સુંદર રીતે કાર્યક્રમ ગોઠવેલો. ઘણા જ ભાઇઓ બોલ્યા મહાત્માજી સંબંધી. અરે આનંદનો પાર હતો ના. બેન બાળકોને જોવા મળ્યું.

હવે બીજે દિવસે સવારે પાંચમ અષાડ વદ તા. ૭/૭/૭૭ ગુરૂવારે ઈશ્વરની દયાથી જવાનું હતું. લંડન વહેલી સવારે આઠ વાગે વિમાન ઉપડવાનું તેથી ઘરેથી સવારે સાડાપાંચ વાગે નીકળવાનું હતું. પ્રેમી વીપુભાઈ બેનબાળકો સાથે આવી ગયાંને સાથે જ નીકળ્યાં શાન્તાકુજ વિમાન ઘર પર. બીજા પણ ખૂબ જ ભાઈબેનો આવ્યાં હતા મળવા, આવા મહાન પુરુષની બેન ભાણેજને ધન્ય છે. અમારૂ વિમાન આઠ ને બદલે સાડાનવ કલાકે ઉપડ્યું. ૧ા કલાક લેટ હતું ને બહાર નીકળી જોયું કે કોણ કોણ ઉભા દેખાય છે. બરાબર

(અનુસંધાન પૃષ્ઠ ૫૯ ઉપર)



# માતૃભક્ત શ્રી યોગેશ્વરજી

મહેન્દ્ર ઈ. પંડ્યા

'મા' જગતની સર્વ ભાષાઓમાંનો એક પવિત્ર શબ્દ અને માતૃવાત્સલ્ય એટલે પ્રેમની પુનિત પરાકાષ્ઠા. સંસારી તો એ માતૃવાત્સલ્યથી ભીંજાય પરંતુ યોગી અને સંન્યાસી પણ માતૃપ્રેમની અનુભૂતિથી વંચિત નથી. જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્યજીની માતૃભક્તિ સુપ્રસિદ્ધ છે. સંસારનો સર્વથા ત્યાગ કર્યો હોવા છતાં માતાના અંતિમ સંસ્કાર માટે આ પનોતો પુત્ર આવી પહોંચ્યો હતો એ તો સર્વવિદિત છે, તો શ્રી યોગેશ્વરજી એમાં અપવાદરૂપ શી રીતે હોઈ શકે? માતા અને પુત્ર વચ્ચેનો નિર્મળ–નિસ્વાર્થ પ્રેમ એ સર્વ સંસારી બંધનોથી પર છે, અને તેથી જ સંસાર ત્યાગ કરનાર યોગીજનો પણ માતાના પ્રેમનો આદર કરે છે. જગતના સાહિત્યમાં અને ગુજરાતી સાહિત્યમાં પણ માતૃપ્રેમ વિષે ઘણું સાહિત્યસર્જન થયું છે. ઘણા કાવ્યો લખાયાં છે. માતાના અવસાનનો શોક હર્ષશોકનાં સંસારી દ્વંદ્વોથી મુક્ત સંન્યાસીને પણ સ્પર્શ્યા વિના રહેતો નથી, પરંતુ ઉચ્ચ કક્ષાના આત્મા–સંન્યાસી કે યોગી કે કવિ–નો શોક પણ વિશિષ્ટ રીતે જ વ્યક્ત થાય છે. જેમ મહાકવિ વાલ્મિકીના ક્રૌંચવધમાંથી જન્મેલા શોકમાંથી જગતને રામાયણ જેવું મહાકાવ્ય પ્રાપ્ત થયું, તેજ રીતે શ્રી યોગેશ્વરજીની માતાના સ્વર્ગવાસમાંથી આપણને 'તર્પણ'ના ૮૧ કાવ્યોનો સુંદર સંપુટ મળે છે. યોગીનો શોક પણ આદ્યકવિ વાલ્મિકીની માફક જ શ્લોકત્વને પામે છે. ધન્ય એ માતૃતર્પણ!

એક અંગત વાત કહું? બાલ્યવયમાં પિતાના સ્વર્ગવાસ

પછી પચાસ—પચાસ વર્ષ સુધી માતાના અખંડ, અસીમ, અવિરત પ્રેમની ધારા મેં ઝીલી છે, એટલે 'તર્પણ'નાં કાવ્યોમાં મને મારી જ માતાનાં દર્શન થાય છે, અને આજે એમના સ્વર્ગવાસ પછી પંદર વર્ષે પણ જાણે માના ખોળે માથું મૂકીને સૂતો હોઉં એમ સંસ્મરણો જાગે છે. 'તર્પણ'નાં કાવ્યોની એ વેદના, એ વિષાદ, એ તત્વજ્ઞાન સંઘળું મારૂં જ હોય એવી અનુભૂતિ, એવું સમસંવેદન જાગે છે એ અનિર્વચનીય શોક શમાવવા મારે પણ હિમાલયમાં શ્રી કેદારનાથને શરણે જવું પડ્યું હતું. એટલે જીવનમાં માતૃપ્રેમનો પ્રભાવ અને ઉત્કટતા એ મારો સ્વાનુભવ હોવાથી આ કાવ્યોમાં મારા અંતરના ભાવોના પડઘા પડે છે એટલે આ પંક્તિઓ આ લેખ કલમથી નહિં, હૃદયથી લખાય છે. બુદ્ધિથી નહિં, લાગણીથી લખાય છે. શ્રી યોગેશ્વરજી દ્વારા મારી માતાને મારી પણ આ શ્રદ્ધાંજલિ છે.

આ કાવ્ય સંપુટમાં શ્રી યોગેશ્વરજી તથા માતાજી જ્યોતિર્મયીનાં વિવિધ સ્વરૂપનાં દર્શન થાય છે. શ્રી યોગેશ્વરજી યોગી હોવા છતાં સસ્કારી માનવી તો છેજ, અને એથી જ સાધના દ્વારા જીવનને ઉચ્ચ ભૂમિકા પર લઈ જવા છતાં માનવસુલભ ભાવોથી પર નથી. એ માતાના વ્હાલસોયા પુત્ર છે, અને માતા પ્રત્યે એમને ભક્તિભાવ છે, જે આ કાવ્ય સંપુટનું પ્રેરકબળ છે. પિતાજીના સ્વર્ગવાસ પછી વર્ષો સુધી જે માતાએ સુખદુઃખના સર્વ સંયોગોમાં એમનું અવર્ણનીય પ્રેમથી જતન કર્યું, એમના જીવનના પાયામાં સુંદર સદ્‌ગુણો અને સંસ્કારોનું સિંચન કર્યું એ માતાના વિયોગથી-પુત્રના અંતરમાં શોક ઉભરાય, માતાનાં સંસ્મરણો જાગૃત થાય એ સ્વાભાવિક છે. કેટલાંય કાવ્યોમાં સ્વર્ગસ્થ માતા



પ્રત્યેની ભક્તિ, અને માતાનાં સંસ્મરણોનું નિરૂપણ છે, અને કેટલીય સુંદર પંક્તિઓમાં આ ભાવો વણાયલા છે. એવાં કાવ્યો 'વંદન', 'સ્મૃતિ', 'વિદ્યાલય', 'કયાં ગયાં' 'કાળચક્ર', 'લાગણી' વ. છે. એ ભાવોની પરાકાષ્ઠા 'લાગણી' ની નીચેની પંક્તિઓમાં

"લાગણી આટલી જાણે મારા નિર્લિપ્ત પ્રાણમાં
લિપ્ત પ્રાણ તણી હશે કેવી થતી દશા ?"

આ પંક્તિઓ 'શકુંતલા વિદાય'ના અભિજ્ઞાન શાકુંતલમાંના કણ્વઋષિના ઉદ્‌ગારોની યાદ આપે છે. "સંસારત્યાગ કરનાર મારા જેવા વનવાસીને પુત્રી વિદાયનો આટલો વિરહ સાલે છે તો સંસારી જનની શી સ્થિતિ હશે ?" શ્રી યોગેશ્વરજીની સંસારી જીવો પ્રત્યેની આ અનુકંપા કેટલી હૃદયસ્પર્શી અને અંતરના ઊંડાણમાંથી જન્મેલી લાગે છે ?

સ્વજનની સ્મૃતિના સંગ્રહ માટે સ્મારક રચવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક માનવભાવ છે. એ માનવભાવનું નિરૂપણ —પ્રથમ પંક્તિમાં—અને એ જ ભાવને બીજી પંક્તિમાં શ્રી યોગેશ્વરજી ઉચ્ચ ભૂમિકા પર લઈ જાય છે. સ્થૂળ ભાવનું પરિવર્તન સૂક્ષ્મમાં થાય છે.

"મને થયું કે એક તમારૂં મંદિર રમ્ય બનાવું,
એના કરતાં જીવન મંદિર મારૂં દિવ્ય બનાવું"

ઉપરની પંક્તિઓમાં કેટલો સુંદર ભાવપલટો બીજી પંક્તિમાં આવે છે. સ્થૂળ સ્મારક તો સૌ બનાવે, પછી એ માત્ર સ્મારક જ રહે અને એની પાછળની ભાવના—એ વ્યક્તિનું જીવનદર્શન ભૂલાઇ જાય—( ભારતમાં મહાત્મા ગાંધીજીનાં કેટલાં સ્મારક હશે અને આજના ભારતની કેવી

દશા છે ) એના કરતાં માતાની ભાવનાઓ જીવનમાં ઉતારવી, એના આદર્શો જીવનમાં અપનાવી જીવનને ઉચ્ચભૂમિકા પર લઇ જવું એ ભાવના પુત્રના અંતરમાં માતા પ્રત્યે કેટલો સૂક્ષ્મ પવિત્ર આદરભાવ રહેલો છે એ દર્શાવે છે.

આ કાવ્ય સંપુટમાં માતા જ્યોતિર્મયીના વિશિષ્ટ વ્યકિતત્વનું પણ સ્પષ્ટ અને સુરેખ દર્શન થાય છે. શ્રી યોગેશ્વરજીના જીવન ઘડતરમાં માનો જે વ્યાપક ફાળો હતો તેનું સુંદર આલેખન 'વિરલ માતા' કાવ્યની નીચેની પંક્તિઓમાં છે–

"માતા છતાં સુહૃદ શ્રેષ્ઠ બન્યાં તમે તો,
શિષ્યા સહાયક સખા પરિચારીકા વા."

એમના જીવનમાં પ્રત્યેક ક્ષેત્રમાં માતાનો જે અખંડ સાથ–સહકાર મળ્યો એનો આ ઋણ સ્વીકાર છે. માતાના અનન્ય ગુણોનું ગાન ઘણાં કાવ્યોમાં છે–'જ્યોતિર્મયીને,' 'યોગીથી અધિક' 'ભાગ્ય' 'સ્મરણ' 'તમારો ત્યાગ' 'પ્રેમ સ્વરૂપ' વગેરે કાવ્યોમાં આનું સુંદર અને હૃદયસ્પર્શી નિરૂપણ છે. સંતાનોપર માતાના જે અને જેટલા સંસ્કારો પડે એટલા જીવનમાં અન્ય કોઈ વ્યક્તિના પડતા નથી, અને એટલે જ માતાને પ્રથમ અને શ્રેષ્ઠ શિક્ષક ગણવામાં આવે છે. માતાના વિચારો, ભાવનાઓ લાગણીઓ, વર્તન વગેરેની બાળકના ચિત્તંત્ર પર ઘેરી અસર પડે છે, અને એ છાપ જીવનભર ટકે છે. એનાં દૃષ્ટાંત તરીકે ઘણા મહાપુરુષો–શિવાજી મહારાજ, મહાત્મા ગાંધી નેપોલિયન વગેરેનાં જીવનમાંથી જણાય છે.

'મોહ અને ભય' કાવ્યમાંના માતાના અંતિમ ઉદ્ગારો અને શ્રી યોગશ્વરજીના જીવનપરની અસર જોઇએ.



"મને જીવનનો મોહ નથી, નથી મરણનો ભય,
જે વખતે જે થવાનું હશે.
થશે,
ભલે થતું, હું ઠેકાણે છું,
મારા ભગવાનની પાસે છું.
મને નિરાંત છે
એ હતા, તમારા ઉદ્ગારો,
તમારા વિના કોના મુખમાંથી નીકળી શકે ?"

અતલ પ્રભુશ્રદ્ધા અને જીવન પ્રત્યે નિસ્પૃહતાભર્યા આ ઉદ્ગારો–એ સંસ્કારો સિંચનારો માતાનો પુત્ર જીવનમાં એ જ આદર્શોને અનુસરે ને ?

પોતાની માતાદ્વારા શ્રી યોગેશ્વરજી જગતની સર્વ માતાઓની મહાનતાનાં ગાન ગાય છે, અને એ સર્વને વંદન કરે છે. 'કૃપા' 'માતા' 'પ્રત્યક્ષ દેવ' 'જગન્માતા', માતૃદેવો ભવ' વગેરે કાવ્યોમાં આ ભાવનાનું દર્શન થાય છે.

"મંત્રોમહીં પરમ મંગલ મંત્ર માતા,
અર્પે સમુન્નતિ સનાતન શકિત જ્ઞાતા" (માતા પૃ. ૧૮)

"પ્રત્યક્ષ કિન્તુ મહિમામય દેવદેવ
છે માનવી, મનુજમાં મધુમૂર્તિ માતા" (પ્રત્યક્ષ દેવ પૃ. ૨૦)

રસશાસ્ત્રના સર્વ રસોમાં કરૂણરસ સૌથી વધુ હૃદયસ્પર્શી છે, અને માતાના અવસાનથી કયા પુત્રના અંતરમાં શોક ના વ્યાપે ? માતાનું અવસાન એ જીવનનો એક અતિ કરૂણ પ્રસંગ છે, પરંતુ ચિંતકો, તત્ત્વજ્ઞાનીઓ, યોગીઓ, કવિઓ, વગેરેમાં એને 'મંગલ'માં પલટાવવાની વૃત્તિ અને શકિત હોય છે. 'તર્પણ'ના પ્રથમ કાવ્ય 'અપર મૃત્યુ'થી આ ભાવોના ઉર્ધ્વીકરણનો પ્રારંભ થાય છે.

"ડુબી ગયાં પરમ જ્યોતિ મહીં પ્રસન્ના,
અંતે બન્યાં અમર મંગલ મૃત્યુ મારી"

સંતોને માટે તો મૃત્યુ પણ મંગલ પ્રસંગ છે, કારણ મૃત્યુથી જીવનનું સાતત્ય ચાલુ જ રહે છે, એમ સંતો માને છે. શ્રીમદ્ ભગવદ્ગીતા પણ કહે છે કે જીવ મૃત્યુથી જૂનાં જીર્ણવસ્ત્રો ઉતારીને પુનર્જન્મ દ્વારા નવાં વસ્ત્રો ધારણ કરે છે, આથી મૃત્યુ એ શોકનું કારણ નથી. આપણા એક પ્રાચીન કાવ્યમાં છે કે "મૃત્યુ મરી ગયું રે લોલ, સંતો સુખે જગતથી થશે" સંતોની એ વિશાળ દૃષ્ટિ આપણી આર્ય-સંસ્કૃતિનો અણમોલ વારસો છે, જીવનની ફીલસૂફી છે, અને માતા મૃત્યુને પણ મારીને અમર બન્યાં છે એવી મંગલ ભાવના આ પંક્તિઓમાં છે.

સ્વજનના અવસાનના શોકના શમન માટે સંસારીજનો પણ તત્ત્વજ્ઞાનનો સહારો લે છે, તો મૂળભૂત રીતે તત્ત્વજ્ઞાની શ્રી યોગેશ્વરજીનાં કાવ્યોમાં તો તત્ત્વજ્ઞાનના ઉત્તમ અંશો દૃષ્ટિગોચર થાય જ ને! મૃત્યુ અંગેની ભારતીય ફીલસુફી નીચેનાં કાવ્યોમાં સમાયલી છે.

'અમર મૃત્યુ' 'ટૂંકા પ્રવાસમાં,' 'યાત્રા' 'અંતકાળે' 'સૌને જવાનું નિશ્ચિત' 'અનિત્યતા' 'જવાનું ચોક્કસ' 'બંધનમુક્તિ' 'ઉપસ્થિતિ' આ સર્વ કાવ્યોનો પ્રધાન સૂર એજ છે કે મૃત્યુ એ આ જીવનનો અસ્તિત્વનો અંત ભલે હો, પરંતુ આત્માનો પ્રવાસ તો ચિરંતન છે. પુનર્જન્મ અને નવજીવન એ પરંપરા તો ચાલુ જ રહેવાની છે, અને દેહના નાશથી આત્યાની અનંતયાત્રામાં ભંગ પડતો નથી.

"રથ બદલાયે ગતિ બદલાયે એના અશ્વતણી,
પથ બદલાયો લાગે કોદી, ના બદલાય રથી."



દેહ, કાળ, સ્થળ વગેરે બદલાય છે, પરંતુ રથી એટલે કે આત્મા તો અવિનાશી છે, અને તેનો પ્રવાસ તો અખંડ જ રહે છે. અહીં પણ ગીતાના તત્ત્વજ્ઞાનની અસર દેખાય છે. आत्मानम् रथिनम् विद्धि ।–'અમરજીવન' માં પણ આત્મા જીવનના અંતે પરમાત્મામાં ભળી જાય છે એ ભાવ છે. આત્યાનું ઉદ્ભવસ્થાન પણ પરમાત્મા જ છે. આત્મા એ પરમાત્માનો અંશ જ છે અને મૃત્યુ પછી આત્મા પાછો પરમાત્મામાં જ વિલીન થાય છે એનું અલંકારિક વર્ણન નીચેની પંક્તિઓમાં છેઃ–

"જ્યોતની મદદથી જ્યોત જાગી ગઈ,
મંદિરે અંધકારે અનેરી,
લીન પાછી થઈ મૂળ એ જ્યોતમાં,
સ્થિરતાથી પ્રકાશી ઘણેરી
અગ્નિજ્વાળા થકી દીપ્ત અંગારની
સૃષ્ટિ સુંદર થઇ સહજ ન્યારી,
અગ્નિ જ્વાળામહીં તે સમાઈ ગઇ
સૂર્યનાં કિરણ જયમ સૂર્યમાંહી.
(અમર જીવન પૃ. ૪૧)

આમ આ કાવ્યોમાં માતૃવત્સલ પુત્રના સ્વરૂપે, શોકાર્ત આનવ તરીકે, તથા તત્ત્વજ્ઞાની યોગી તરીકે એમ વિવિધ રીતે શ્રી યોગેશ્વરજીના વ્યક્તિત્વનાં વિવિધ પાસાનું દર્શન થાય છે, અને મા જ્યોતિર્મયીનું સુંદર શબ્દચિત્ર વિવિધ કાવ્યો-માંથી ઉપસી આવે છે.

## પરમ વંદનીય સર્વેશ્વરી માને ચરણે

(ભુજંગી)

તમે સત્ય રાહી, તમે દિવ્યપંથી,
તમે સંયમી ને મહા વ્રતધારી,
તમે ધર્મ રાહે તમે દિવ્ય પંથે,
સદા ધ્યાનયોગી થઇને વિકાસો.

તમે છો સદા સાદગીને વરેલા,
તમે છો હંમેશા તપસ્વી અનોખા,
તમે છો સદા હેતકારી જ જ્ઞાની,
તમે છો સદા ભોમિયા તો અમારા.

સદા સ્નેહદષ્ટિ તમારી જ હોજો,
અમારી જ નૌકાતણા છો સુકાની,
અમોને જ દોરો સદા ઊર્ધ્વ રાહે,
સદા દિવ્યપંથે ખુદાની સમીપે.

તમારી દુવા હો અમોપે સદાયે,
તમારી જ આશીષ હોજો હમેશા,
તમારી સહાયે થશે દૂર વિઘ્નો,
તમારે સહારે થશે ધ્યેય સિદ્ધિ.

ડૉ. ધર્મેન્દ્ર માસ્તર "મધુરમ"



# 'ચમત્કારો આજે પણ બને છે'

નારાયણ હ. જાની

[ અહીં રજુ થયેલા બન્ને પ્રસંગો સત્યઘટનાઓ છે. જે મિત્રોના જીવનમાં એ ઘટયા છે, તેમની ઇચ્છા પોતાનાં નામો ન આવે તેવી હોવાથી એમનાં નામોનો ઉલ્લેખ કરેલ નથી.
—તંત્રી]

"તમે માનો તો મારા જીવનનો આ ચમત્કાર છે. શ્રદ્ધા હોય તો માનો. ન માનો તો તે માટે મારો કોઇ આગ્રહ નથી."

એક મિત્રને ત્યાં એના ઓપરેશન પછી અમે ખબર જોવા ગયાં હતાં તબીયતના ખબર પૂછતાં એમણે વાતની શરૂઆત આ રીતે કરી.

અમે કહ્યું, "બીજાઓ ભલે જે માનવું હોય તે માને, અમને એમાં પ્રભુની કૃપાનું દર્શન થાય છે. એટલે અમને એવા પ્રસંગો અસામાન્ય છતાં શ્રદ્ધા પોષક લાગ્યા છે. તમારો અનુભવ અમને સાંભળવો ગમશે" એ પછી એમણે પોતાની વાત કહેવા માંડી.

"છેલ્લાં કેટલાંક વર્ષોથી મને પથરીની બિમારી હતી. એટલે એને લીધે મને અવારનવાર પીડા થઇ આવતી. એનાથી મારા મનમાં ઉદ્વેગ પણ થઇ આવતો. પ્રભુસ્મરણમાં અને મારા નિત્ય ધ્યાન સાધન ભજનમાં પણ ખલેલ પડતી. વળી લાંબો પ્રવાસ કરતાં મને બીક લાગતી."

"મારા ફેમિલિ દાક્તર મારી આ પરિસ્થિતિથી વાકેફ હતા. તેઓ મને સલાહ આપતાં કહેતા, "ભાઇ, આનો કાયમી ઉપાય કરી નાંખવો જોઇએ. આવું દર્દ કયાં સુધી ભોગવશો ?"

હું એમને કહેતો કે કોઇ સારી હોસ્પીટલ બતાવો તો ઓપરેશન કરાવી કાઢીએ. એમનો અભિપ્રાય નડિયાદમાં આવેલ કીડની માટેની શ્રેષ્ઠ હોસ્પીટલમાં કરાવવાનો હતો. મારી અનુમતિ મેળવી એમણે એ માટેના પ્રયાસો આરંભી દીધા.

પત્ર વ્યહવારના અંતે નક્કી થયું કે માર્ચ, ૧૯૮૬માં નડિયાદની હોસ્પીટલમાં ઓપરેશન કરાવવું. તે માટે કુલ ખર્ચ રૂા. ૪૦ હજાર જેટલો દાક્તરે બતાવેલો. ઓપરેશનની તારીખ પણ નક્કી થઈ અને અમારે જવાની તૈયારી અમે કરવા માંડી. ભલામણ ચીઠ્ઠી પણ મેળવી લીધી.

પણ ભગવાનની લીલા તો જુઓ ? અચાનક ગુજરાતમાં તોફાનો થયાં. નડિયાદમાં પણ. પરિણામે અમારૂં જવાનું મુલતવી રાખવું પડ્યું. ઓપરેશન બંધ રાખવું પડ્યું. એમ કરતાં સાત આઠ માસ નીકળી ગયા. એ દરમ્યાન કેટલીક આયુર્વેદિક દવાઓ હું લેતો. તેનાથી મને રાહત રહેતી. એકવાર કામ વિલંબમાં પડે, પછી ઘણીવાર આમજ થઇ જતું હોય છે."

એ દરમ્યાન ભારતના એક યુવાન દાક્તર. જે જર્મનીના મોટા શહેરમાં કીડનીની હોસ્પીટલમાં સર્જન તરીકે સેવા આપતા, તે કોઇ કારણવશાત્ અહીં આવ્યા. અમારા ફેમિલિ દાક્તરની તેમની સાથે એક બેઠકમાં અચાનક મુલાકાત થઈ. તેમણે સહજ રીતે મારી તકલીફની વાત કરી, મારો રિપોર્ટ બતાવ્યો.

એમણે ફોટાઓ વગેરે જોઈ કહ્યું, "કંઇ વાંધો નહિ. આ ઓપરેશન હું અહીં તમારી આ નાની હોસ્પીટલમાં પણ કરી શકીશ.

બીજાજ દિવસે મને અમારા ડોકટરે હોસ્પીટલમાં દાખલ



થવા બોલાવ્યો. ને બધી વાત કરી ભગવાન પર શ્રદ્ધા હોવાને લીધે મને થયું, "પ્રભુની ઇચ્છા આપણને નડિયાદ લઈ જવાની નથી."

ઘર નજીકજ ઓપરેશન થતું હોય તો કેટલી બધી દોડા-દોડ, અને સગાંઓની હાલાકી બચી જાય ?

એ ડોકટરે તે પછી બધી ચકાસણી કરી મારૂં ઓપરેશન કરવા મને ટેબલ પર લીધો. મને એવું લાગ્યું. મારૂં ઓપ-રેશન કરવા પ્રભુ પોતેજ આ ભાઇને પ્રેરણા કરી છેક પરદેશથી અહીં લઈ આવ્યા છે. મારી રોજની વર્ષોની પ્રભુસ્મરણની ટેવને લીધે ઓપરેશન દરમ્યાન અને તે પછી મને કોઇ દુઃખાવો ન અનુભવાયો. મારૂં ભગવદ્ સ્મરણ ચાલુજ રહ્યું. એ પ્રભુનીજ કૃપા."

તા. ૧૯ જાન્યુ. ૮૭ના રોજ મારૂં ઓપરેશન સફળ રીતે થયું. અને મને તા. ૨૯ જાન્યુના રોજ હોસ્પીટલમાંથી રજા આપી ત્યારે વિદેશથી આવેલા તે ડોકટર પાછા જર્મની જવા રવાના થયા. મને લાગ્યુ પ્રભુએ એમને મારે માટેજ મોકલ્યા !

અને જે માટે મેં રૂા. ૪૦ હજાર ખર્ચવાની તત્પરતા બતાવેલી, તેનો ખર્ચ માત્ર રૂા. ચાર હજાર જ થયો. પ્રભુએ કેવી અણધારી સહાય કરી !

એમની વાત પૂરી થતાં મેં કહ્યું, "આ ખરેખર, ચમત્કાર-જ છે. બીજાઓ માટે હોય કે નહિ, તમારા અને મારા માટે તો ખરોજ.

શ્રદ્ધાળુ દિલ ધરાવતા એ ભાઇની આંખો પ્રભુની કૃપાના સ્મરણ માત્રથી ઉભરાઈ આવી.

## અણધારી સહાય–એક ચમત્કાર

(૨)

અમે અમદાવાદમાં બસ સ્ટેન્ડ ઉપર ઊભા હતા. બપોરનો

સમય હતો. ખાસ ગીરદી ન હતી.

અમારી આગળ એક યુવાન અને બીજા આધેડ વયના ભાઈઓ ઊભેલા હતા. બન્નેની વાતચીત પરથી લાગ્યું કે તેઓ પિતા-પુત્ર છે.

પુત્ર મેડિકલમાં ભણતો હતો. આ છેલ્લું વર્ષ હતું. પિતા પાટણ પાસેના કોઈ ગામમાં પ્રાથમિક શાળાના આચાર્ય હતા. તેઓ પુત્રને ભણવા માટે જરૂરી પૈસા મોકલી શકતા નથી, એની ફરિયાદ પુત્ર કરી રહ્યો હતો. પિતા એને સમજાવવાની કોશિષ કરતા હતા. મોંઘવારી કેટલી બધી વધી ગઈ છે ! કેટલી મુશ્કેલીથી એ પૈસા એને મોકલે છે ! દેવું પણ થઈ ગયું છે. હવે વધારે ઉધાર કરી શકું એમ નથી.

પુત્ર કહેતો હતો, "આટલું ખેંચ્યું છે તો હવે છ-આઠ મહિનાનો સવાલ છે. મને ગમે તેમ કરી મહિને રૂા. ૫૦૦/ મોકલાવો તો મારો અભ્યાસક્રમ પૂરો થઈ જાય. નહિ તો મારૂં ભણતર ડીગ્રી વગર બેકાર જશે ને તમારા મારી પાછળ ખર્ચેલા પૈસા પણ. એકવાર પાસ થઈ જાઉં, પછી મને મદદની જરૂર નહિ રહે. ઉલ્ટું હું તમને મદદ કરીશ.

પિતા પુત્રની વાત સમજતા હતા. પણ લાચાર આર્થિક પરિસ્થિતિની ભીંસમાં હતા.

ગામડામાં હવે પૈસા વ્યાજે મળે એમ ન હતા. એટલે પુત્રને ગમે ત્યાંથી-કોઈ મિત્ર પાસેથી કે બીજે ગમે ત્યાંથી સગવડ કરી લેવા પિતા કહી રહ્યા હતા. હવે મારાથી તને મદદ કરવાનું બની શકે એમ નથી. પિતાએ છેવટના શબ્દો સંભળાવી દીધા પુત્ર નિરાશ થઈ ગયો. એની નિરાશા એની આંખો ને મોંઢા ઉપર અંકિત થઇ ગઈ.

અમને પિતા-પુત્રની આ વાત સ્પર્શી ગઇ. થયું કે કેટ-કેટલાં અરમાનો લઈ, મહેનત કરી આ મધ્યમ વર્ગનો વિદ્યાર્થી મેડિકલના છેલ્લા વર્ષ સુધી પહોંચ્યો હશે...અને હવે થોડા મહિનાઓ માટે બધું જ નકામું જવાનું ?



અમે એમની પાસે જઇ, ધીમેથી એ વિદ્યાર્થીને કહ્યું, "ભાઈ, તારા પિતા તને આર્થિક મદદ કરી શકે એમ નથી, તો નિરાશ ન થતો. ચિન્તા પણ ન કરતો. તારે જો કોઇ જ વ્યવસ્થા ના થાય તો તું મને મળજે." કહી અમે અમારૂં સરનામું આપ્યું. પિતા અને પુત્ર અમારી સામું જોઇ રહ્યા. અમારા પોષાક પરથી તો અમે કોઈ શ્રીમંત હોઇએ એવી છાપ એમને ન પડી. વળી એવા શ્રીમંત હોઇએ તો બસની લાઇનમાં ઊભા પણ શું કરવા રહીએ ? એમ એમને થયું હશે.

આમ પિતા-પુત્રને આશ્ચર્યમાં મૂકી, અમારી બસ આવતાં અમે બસમાં બેસી ગયા.

દસેક દિવસ પછી એ વિદ્યાર્થી સરનામાની ચીઠ્ઠી લઇ અમારા ઘરે આવ્યો, પહેલાં અમે એને ઓળખી ન શકયા પછી બસ સ્ટોપની વાત કરી, એટલે સ્મૃતિ તાજી થઈ.

એણે કહ્યું, "આપ મને કેટલું ડોનેશન આપી શકશો ? અમે કહ્યું, "અમે કોઈ શ્રીમંત નથી કે ડોનેશન આપીએ. અમે તમારા જેવા સામાન્ય કુટુમ્બના માણસ છીએ. છતાં તમે અમારા કુટુમ્બના સભ્ય હો ને કોઈ મુશ્કેલીમાં હો તો ઘરનાં માણસો જેમ પરસ્પર અગવડ વેઠી બીજાને મદદરૂપ થાય-એવી અમારી વાત છે. બોલો તમારે શી જરૂર છે ?"

એ વિચારમાં પડ્યોઃ એને થયું મારી જરૂરિયાત અમે કેવી રીતે પૂરી કરી શકીશું ! છતાં અમે પૂછયું એટલે કહ્યું, "મારે આઠેક મહિના માટે દર મહિને રૂા. ૫૦૦/- જેટલા જોઇએ છે."

"પછી ?"

મારૂં ભણતર પૂરૂં થાય છે. મને શ્રદ્ધા છે હું પાસ

થઈ જઈશ. ”

“ બસને ! તમારૂં સરનામું લાવો. તમને દર મહિનાની પાંચ તારીખે રૂા. ૫૦૦/ મળી જશે.

આ મહિનાના આજે જ લેતા જાઓ. ’

એને માટે આ ચમત્કાર જ હતો, એણે આવી કલ્પના પણ ન કરેલી.

આટલું જલ્દી પોતાનું કામ પતશે એવી એને કલ્પના પણ ક્યાંથી હોય ? વગર પરિચયે, કોઈ ઓળખાણ પીછાણ સિવાય આમ કોઈ મદદ કરે ?

છેલ્લે વિદાય થતાં, એ ભાવપૂર્વક અમને પગે લાગ્યો. અમે એને કહ્યું. “ એક વાત ધ્યાનમાં રાખજો. ”

“ શી ? ”

આજે ઘરના માણસ સમજી અમે તમને મદદ કરી, તેમ જીવનમાં તમે પણ થોડી અગવડ વેઠીને બીજાને મદદ કરશો તો માનવતાનો આ દીપ જલતો રહેશે. અમારે તમારા પૈસા પાછા નથી જોઈતા.”

“ જરૂર. મારા જીવનની કટોકટીની ઘડીએ આપે મને જે મદદ કરી છે, તેને હું કેમ ભૂલી શકું ? જીવનભર મને એ યાદ રહેશે. આપે આજે મને જીવનની નવી દૃષ્ટિ આપી છે. એટલું નહિ પણ પ્રભુમાટેની મારી શ્રદ્ધા દૃઢ કરી છે. પ્રભુ કયારે કેવી મદદ કરે છે, તે કોણ જાણી શકે ?

એની આંખમાં એટલું કહેતાં આંસુ ઊભરાયાં અમે એના માથે હાથ ફેરવ્યો ને તે ઊઠીને ચાલ્યો ગયો.

આ એના જીવનમાં પ્રભુએ સર્જેલો ચમત્કારજ હતો ને !

o———o



# ઝળહળતા ભાવ–મધ્યાહ્નો

ભાઈલાલભાઇ છાટબાર

વીતેલા યુગોના દૂરસુદૂરના ભૂતકાલીન સુવર્ણપ્રભાતો સાથે વર્તમાન માનવને કાંઇ કોઇ પ્રકારનો હવે સંબંધ નથી; પરંતુ અનાગત જાજ્વલ્યમાન ભાવિ-મધ્યાહ્નો તેના છે કેમકે તે તેનો સર્જક-સ્વામી છે.

સંસારમાં અનેક સંસ્કૃતિઓના ઉદય-અસ્ત થયા અને મહાકાળના ગર્ભમાં તે બધી વિલીન થઈ ગઈ. વિશિષ્ટ ભારતીય સંસ્કૃતિનું તેવું નથી બન્યું. ભારતીય સંસ્કૃતિ એકાંગી બની ભારતદેશ પૂરતી સીમિત રહી નહિ પરંતુ તે આદિકાળથી સમસ્ત માનવકુળને કેન્દ્રમાં રાખી જીવન્ત રહી છે. નિકટના ભવિષ્યમાં આ ભારતીય સંસ્કૃતિને બૃહદ્ માનવકુળ માટે બહુજનહિતાર્થે મુકુટમણિ બની રહેવાનું વિધાતાનું નિર્માણ છે.

આગામી નવજાગરણ અને નવસર્જન એ કાળભગવાનનું નિમંત્રણ અને નિર્માણ છે. મહાકાળના અનંત સમયસાગરમાં એક શતકનો સમય-અંતરાલ એક વિભાજિત અણુકણના લક્ષાંશ જેટલો પણ નથી. છતાં મહાકાળની વિશાળ ક્ષિતિજે આગામી નવલ ઉષાના ગુલાબી રંગો છાયી રહ્યા છે અને બેએક દશકમાં આ ઉષાકાળ સુવર્ણપ્રભાતમાં પલટાઇ જતાં નૂતન પ્રભાતનાં જ્યોતિર્મય પ્રકાશકિરણો સારાય સંસારમાં રેલાઈ રહેવાનાં છે.

ભારતીય સંસ્કૃતિનું આ નવપ્રભાત અને નવપ્રસ્થાન માનવકુળના ઉત્થાન માટે કાર્યરત બની સમસ્ત માનવકુળની

સુખસમૃદ્ધિ તથા શાંતિના પગરણ માંડી દેશે એવી પ્રતીતિ થાય છે.

આગામી શતકમાં આપણું-સારાય માનવકુળનું જીવન એટલું બધું મોહક અને સુંદર, સંગીતમય અને સુસંવાદી, પ્રેમપૂર્ણ અને રોમાંચક, સાહસિક અને પરાક્રમી, આંતર્બાહ્ય યાત્રામાં ચમત્કારપૂર્ણ, ભૌતિક-આધ્યાત્મિક ક્ષેત્રે અજાયબ તેમજ હેરત પમાડે તેવું હશે કે જેનું હૂબહૂ ચિત્ર કોઇ કલ્પનાશીલ ચિંતકે આજ સુધી દોર્યું નથી.

માનવચેતનાના વિકાસશીલ પરિબળો અને ચેતનાજગતની પ્રયોગાત્મક અને તુલનાત્મક અનુભૂતિઓને કારણે એક દિવ્ય સૃષ્ટિ અને તેને સુસંગત હવા સર્જાઈ રહી છે. તેને પરિણામે સંસારના તમામે તમામ ખંડ-ઉપખંડમાં દિવ્યચેતનાયુક્ત અનેકાનેક મહાન આત્માઓને અવતરિત થઇને મનુષ્યના તમામ પ્રકારના કાર્યક્ષેત્રોના અધિપતિઓને અનેક પ્રકારે સહાય કરશે.

આ દિવ્ય આત્માઓ માનસિકતાણમુક્ત સુસંવાદી વિશ્વનું સર્જન કરશે. પરિણામે માનવના જીવનમાંથી 'અભાવ' જેવી ચીજ નિર્મૂળ થઈ જશે અને પ્રત્યેકને આત્મસમૃદ્ધિયુક્ત 'પૂર્ણજીવન' પ્રાપ્ત કરવાનો સુઅવસર પ્રાપ્ત થશે.

આ પૃથ્વી-વિશ્વચેતના સાથે એકતાર થઈ જીવન જીવતા દિવ્ય આત્માઓનું-સિદ્ધ કોટિના સંતોનું નિવાસસ્થાન બનવાની છે.

માનવબુદ્ધિ અને મગજના સ્થૂલ અને સૂક્ષ્મ વિકાસના ફળસ્વરૂપે મનની ક્ષિતિજોને પાર કરી ગયેલ મનુષ્ય ટૂંક સમયમાં આંતર્બાહ્ય તથા ભૌતિક-આધ્યાત્મિક બંને જગતનો



અનંત યાત્રી બની ચૂક્યો હશે, એવું ભાવિનિર્માણ નિકટમાં છે.

આ 'પૃથ્વીલોક' અન્ય સૃષ્ટિઓ, અન્ય બુદ્ધિસ્તરો અને ચેતનાના સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્તરોનો પરિચય પામશે... ...એક એવા દિવ્ય લોકમાં જઈ પહોંચશે કે જે લોક અત્યારે સીમિત બુદ્ધિશક્તિને કારણે આપણી દૃષ્ટિથી સંપૂર્ણપણે અદૃશ્ય છે.

આ નૂતન માનવલોકમાં દીર્ઘાયુષ્ય, ચિરયૌવન, અજેય અપાર સામર્થ્ય, સંપૂર્ણ સ્વાસ્થ્ય અને અભાવમુક્ત માનવ-જીવન હશે. તેને આપણે ઇશ્વરી સામ્રાજ્ય કે ક્ષિતિજવિહીન ક્ષિતિજની અનંતતાને નામે ઓળખીએ છીએ.

કોઇ કલ્પનાલોકમાં નહિ પરંતુ અહીં આ પૃથ્વી ઉપર જ સદેહે મનુષ્યે આ બધું અનુભવવાનું છે. આશીર્વાદયુક્ત સૌભાગ્યની આ સર્વશ્રેષ્ઠ ઘડી અને સર્વશ્રેષ્ઠ અવસ્થા સૌ કોઈને પ્રાપ્ત થવાની છે.

માનવકુળના મહાન આત્માઓનો સહિયારો પુરુષાર્થ અને શુભસંચય દેશકાળથી અબાધિત રહી આ બધું સિદ્ધ કરશે.

અંબાજીમાં
યાત્રાની સાથે આરામદાયક સગવડ
એટલે
સ્વર્ગારોહણ તીર્થ, માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
દાંતારોડ, અંબાજી-૩૮૫૧૧૦.

# કાષ્ટમૌનની સાધના

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

મૌનને સર્વ અર્થનું સાધન ગણાવતાં કહ્યું છે કે मौनं सर्वार्थसाधनम् । આ સર્વ અર્થ એટલે જીવનની વિવિધ અવસ્થાનાં ધ્યેય અને આશય. વિદ્યાર્થી-અવસ્થામાં વિદ્યાની પ્રાપ્તિ તથા શરીર અને મનના બળ અને આરોગ્યની પ્રાપ્તિ. ગૃહસ્થાશ્રમમાં વ્યવહાર દક્ષતા, જરૂરી સંપત્તિ અને સંયમશીલ જીવનમાં સાંસારિક સુખોની પ્રાપ્તિ. વાનપ્રસ્થ અવસ્થામાં ચિન્તન, મનન, નિદિધ્યાસન અને સંન્યાસ અવસ્થામાં પરબ્રહ્મનો સાક્ષાત્કાર. જેઓ મૌનની સાધના કરી, મૌન દરમિયાન ચિન્તન, મનન કરી સિદ્ધિ પ્રાપ્ત કરતા હતા અને જેમની બુદ્ધિ સ્થિર થતી હતી તેઓ મુનિ કહેવાતા હતા.

પ્રજલ્પ અર્થાત્ વધુ પડતું બોલબોલ કરવાની કુટેવને હઠયોગ પ્રદીપિકાકારે યોગની સાધનામાં વિક્ષેપરૂપ ગણાવેલ છે.

મનુષ્યના સર્વ દુઃખનું કારણ એની બહિર્મુખ વૃત્તિ છે. બ્રહ્માએ જ્યારે મનુષ્યોનાં શરીર બનાવ્યાં ત્યારે ઈન્દ્રિયો બનાવવા માટે આવા શરીરમાં દાખલ થઇ અંદરની બાજુએથી છિદ્રો પાડ્યાં હોવાથી સામાન્ય મનુષ્યોમાં બહિર્મુખવૃત્તિ હોય છે. એટલે દુઃખનિવારણ તથા સચ્ચિદાનંદની સાધના માટે અંતર્મુખ વૃત્તિ કેળવવાની આવશ્યકતા રહે છે. મૌનની સાધના દ્વારા અંતર્મુખ વૃત્તિ કેળવી શકાય છે અને એ રીતે આધ્યાત્મિક સાધનામાં વિકાસનો માર્ગ ખુલ્લો થાય છે.

યોગશાસ્ત્રમાં મૌનની આવી સાધનાનો ઉલ્લેખ કાષ્ટમૌન તરીકે યોગવાસિષ્ઠમાં થયેલો છે. એમાં મૌનની છ પ્રકારની સાધના ગણાવેલ છે. કાષ્ટ એટલે લાકડું. લાકડાનો કટકો જેમ સ્થિર હોય તેમ સાધનામાં પ્રથમ મન સ્થિર થાય છે. તેથી હઠયોગ, રાજયોગ, મંત્રયોગ તથા લયયોગની સાધના સરળ થાય છે. આવી સાધનાથી વિષયવાસના તથા ક્રોધ, ચિન્તા, ભય આદિ દૂર થઇ જાય છે અને સ્વભાવ પશુ જેવો હોય તો દેવ જેવો બની જાય છે.



આ સાધના માટે એક સ્વચ્છ ઓરડો પસંદ કરવો જ્યાં બહારથી કોઇપણ જાતનો અવાજ સંભળાય નહીં. ઓરડામાં સૂવા માટે લાકડાની પાટ રાખવી. ઓરડામાં સામાન્ય રીતે બધું સ્પષ્ટ જોઈ શકાય એટલું ઓછામાં ઓછું અજવાળું બહારથી આવ્યા કરે એવી વ્યવસ્થા રાખવી. અજવાળું એટલું આવવું જોઇએ કે તેથી દિવસે ગ્રન્થો વાંચવામાં કશી તકલીફ પડે નહીં. ઓરડાની સાથે જ બાથરૂમ સંડાસની સગવડ જરૂરી છે. ઓરડામાં પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા રાખવી. રાત્રે ઓરડામાં સંપૂર્ણ અંધકાર રાખવો છતાં બાથરૂમ ઇત્યાદિમાં લાઇટની વ્યવસ્થા રાખવી. ઓરડામાં ઈષ્ટદેવની પ્રતિમા કે છબી કે કોઇપણ ધાર્મિક પ્રતીક રાખવું. ગુરુએ દર્શાવેલા ધાર્મિક, આધ્યાત્મિક તથા યોગના ગ્રન્થો વાંચન માટે રાખવા. જપ માટે માળા કે લિખિત જપ માટે નોટબૂકો રાખી શકાય. ઓરડામાં માત્ર એક જ વાર દીવો કરવો કે અગરબત્તી થોડો સમય માટે રાખવી. ઓરડામાં માખી, મચ્છર કે બીજી જીવાતનો જરાય ઉપદ્રવ ન થાય તેની પાકી ખાતરી કરી લેવી. આ ઓરડામાં સાધક સિવાય બીજા કોઇએ પ્રવેશવું નહીં. બીજા સાધકને પણ પ્રવેશ કરવા દેવો નહીં.

શરૂઆતમાં આ ઓરડામાં ત્રણ કલાક રહેવાની તથા તે દરમિયાન જપ, વાંચન, મનન ઈત્યાદિ કરવાં. શરીર અકડાઈ જાય કે ખાલી ચડે તો ઓરડામાં આંટા મારવા. આવી રીતે એકાદ મહિનો કરવું.

આમાં સફળતા મળે ત્યારે અઠવાડિયામાં એક દિવસ આવા ઓરડામાં જ રહીને ઉપરની સાધના કરવી આ ઓરડાની આગળનો ઓરડો પણ નિર્જન રાખવો. દરવાજા પાસે ભોજન મૂકનાર ભોજન મૂકી જાય અને દરવાજે ટકોરો મારે ત્યાં થોડીવાર પછી એ ભોજન નીચું મુખ રાખી લઈ લેવું અને પછી થાળી એવી જ રીતે બહાર મૂકી દેવી. ઓરડામાં ખાવાની બીજી કોઈ ચીજ રાખી મૂકવી નહીં. આખા દિવસે એક જ વાર ભોજન કરવું. ચાદૂધ, પાન સોપારી વગેરે સંપૂર્ણ આ દિવસો પૂરતાં ત્યજવાનાં છે.

આવી રીતે છ થી ૧૨ મહિના પછી દર મહિને એક સપ્તાહ આવી સાધના કરવી. સાધના દરમિયાન કોઈપણ પશુપંખી કે મનુષ્યોને જોવાં નહીં. કોઈ મનુષ્યની સાથે વાત પણ કરવી નહીં.

ત્યાર પછી બીજે વર્ષે પંદર દિવસ, ત્રીજે વર્ષે ત્રીસ દિવસ, ચોથે વર્ષે ૪૫ દિવસ અને પાંચમે વર્ષે ૬૦ દિવસ આ પ્રમાણે સાધના કરવી. આ સમગ્ર સમય દરમિયાન શરીરને વધુ પડતું કષ્ટ આપવું નહીં. સાવ ઓછો ખોરાક લઇ શરીરને નબળું પાડવું નહીં. કોઇપણ પ્રકારની ભારે શારીરિક તકલીફ થાય તો વચમાંથી છોડી દેતાં શરમાવું નહીં અને ડોકટરની સલાહ લેવી.

યોગની સાધના માટે ધૈર્યને ભારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. આવી સાઠ દિવસની સતત સાધના કાષ્ટમૌન



કહેવાય છે. આટલી સાધના કરનાર વ્યક્તિ મંત્ર આદિની અન્ય સાધનામાં પણ ઘણીજ ઝડપથી સફળતા પ્રાપ્ત કરે છે અને એને આધ્યાત્મિક અનુભવો થવા લાગે છે. આવી સાધના દરમિયાન યોગ આદિ સાધના પણ ચાલુ રાખવી. આવી સાધના દરમિયાન પરસેવા વાટે શરીરમાંની ઘણી ક્ષારાત્મક અશુદ્ધિઓ બહાર નીકળી જાય છે અને રકતની અન્ય અશુદ્ધિઓ પણ લઘુશંકા દ્વારા બહાર નીકળી જાય છે. આ સાધના પુરુષો ઉપરાંત સ્ત્રીઓ પણ કરી શકે છે પણ પચીસ-ત્રીસ વર્ષથી ઓછી વયના સાધકો માટે આ સાધના નથી, એ ખાસ યાદ રાખવાનું છે. આવી સાધના ચાલુ હોય ત્યારે ઓરડાની બહાર રહેવાના દિવસો દરમિયાન પણ બની શકે તેટલો વાણીનો સંયમ કેળવવો—ખાસ કારણ સિવાય બોલવું નહીં, ઓછામાં ઓછું બોલવું, ખાસ કારણ સિવાય, કોઈ બોલાવે નહીં ત્યાં સુધી બોલવું નહીં. કોઈને ખરાબ લાગે એવી વાણી ઉચ્ચારવી નહીં. ઉચ્ચારાઇ જાય તો પાછળથી પશ્ચાત્તાપ કરવો. વારંવાર ક્રોધ કરવાની કુટેવ પડી હોય તો જે દિવસે ક્રોધ થઇ જાય તે દિવસે સવારનું ભોજન જતું કરવું. આમ કરવાથી આત્મસંયમ પણ કેળવાય છે.

*———*


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ**

**તેમજ**

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત–૩૯૫ ૦૦૭.**

# શ્રદ્ધાંજલિ

### શ્રી જશભાઇ બી. પટેલને

જીવન અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ જેવાં છે. એકની સાથે બીજુ જોડાયેલું જ છે. પછી ભલે આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ બીજું આવવાનું જ.

કેટલાક જીવો એવા છે, જે પોતાના ઉત્તમ કર્મોથી સુંદર સુવાસ મૂકી જાય છે. ફુલ જાય પણ ઉપવનમાં રહી જતી ફોરમની જેમ.

વડોદરાના શ્રી જશભાઇ બી. પટેલ પણ આવાજ એક સુવાસિત પુષ્પ સમા-સુંદર શ્રદ્ધાળુ, પરોપકારી ને પ્રભુપ્રેમી સદ્‌ગૃહસ્થ હતા. જીવનમાં એક કર્મયોગી જેમ એ જીવ્યા, અને સાથે સાથે પ્રભુના માર્ગે પણ આત્મિક વિકાસ સાધતા રહ્યા.

પૂર્વજન્મના કોઇ સંસ્કારોને લીધે પ. પૂ મહાત્માશ્રી યોગેશ્વરજીના સંપર્કમાં આવ્યા, એમના પ્રત્યે આકર્ષાયા અને જીવનમાં સદ્‌ગુરૂ તરીકે સ્થાપ્યા એટલુજ નહિ, પણ એમને એમનામાં ભગવદ્‌ભાવ જાગ્યો. એ કહેતા, "શ્રી યોગેશ્વરજી તો પ્રભુનું પ્રકટ સ્વરૂપ છે. આપણે એમના મહિમાને કેવી રીતે જાણી શકવાના ?"

છેલ્લાં ઘણાં વર્ષોથી એમનું એક અંગ લકવાની અસરથી શિથિલ થઇ ગયેલું. છતાં એમની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં એ શિથિલતા એમના મનોબળને લીધે બાધક નહોતી બનતી. પૂ. શ્રીનાં પ્રવચનો કે પૂ. માશ્રી સર્વેશ્વરીના સત્સંગોમાં એ નિયમિત આવતા, એટલું જ નહિ પણ યથાશક્તિ પોતાનો ફાળો પણ આપતા. એમના પરિવારના સભ્યો પણ એમની પ્રેમ ને કાળજીભરી સંભાળ રાખતા. શ્રી જશભાઇને પોતાનું અપંગત્વ ન સાગે, એવો પ્રેમ ને મમતાભર્યો વ્યવહાર એમના પુત્ર અને પુત્રવધુ સહુ રાખતાં-પ્રભુની કેવી સરસ કૃપા !



વડોદરામાં સેલ્સટેક્ષ-ઇન્કમટેક્ષ પ્રેક્ટીશનર તરીકેની એમની ખ્યાતિ, એ એમની ભૌતિકસિદ્ધિ લેખાય, પરંતુ એક માનવ તરીકે—એક ઉદાર મહામના માનવ તરીકે એમનું સ્મરણ આપણા દિલમાં સદા રહેશે. જેઓ જીવનમાં સત્કર્મ પરાયણ છે, તેઓને જીવતાંજ સદ્‌ગતિ મળી ગઇ છે. મૃત્યુની પછીની વાત જ કયાં રહી ?

માંદગીને બીછાને બેશુદ્ધ અવસ્થામાં હતા ત્યારે પૂ. મા એમને ત્યાં જોવા પધાર્યાં, તો એમને શુદ્ધિ આવી ગઇ, પૂ. મા બેઠેલાં હતાં એટલે ન સૂવાનો એમણે આગ્રહ સેવ્યો ને બેઠા રહ્યા. કેવો ઉત્તમ આદરભાવ !

શ્રી જશભાઇની ખોટ એમના પરિવારને, મિત્રો, સ્નેહીઓને લાગે, એટલી જ શ્રી યોગેશ્વર પરિવારનાં ભાઈ બહેનોને પણ લાગશે જ—જેની અહીં કોઇકનેય ખોટ લાગે. એનું જીવ્યું થોડું ઘણું પણ સફળ થયું એમ જરૂર માનજો.

લોહી, જાતિ કે સગપણ સિવાયના કેવળ પ્રેમના સંબંધે શ્રી જશભાઇની સ્મૃતિ અનેકોનાં હૃદયને ભીંજવીને અશ્રુ-બિન્દુરૂપે-ટપકી જતી હોય, તો એજ એમને શ્રદ્ધાંજલિરૂપ નથી શું ?

### શ્રી બાલુભાઈ દેસાઇને

શ્રી બાલુભાઇ દેસાઇનો અંગત કે સાંસારિક જીવનનો અમને કોઇ પરિચય નથી. પરંતુ એમની એક જ વાતે અમારા દિલમાં ઘણું ઊંચુ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

જીવનમાં પહેલી-અને છેલ્લી જ વાર તેઓ માર્ચ,

૧૯૮૪માં પ. પૂ. મહાત્મા યોગેશ્વરજીને મળ્યા. એમની દૃષ્ટિ સમક્ષ જ પૂ. શ્રી ભૌતિક શરીરનો ત્યાગ કરી ગયા. આ એક ઘટના શ્રી બાલુભાઈ દેસાઇને સ્પર્શી ગઇ અને પૂ.શ્રીની સ્મૃતિ સાચવી રાખવા એમણે શ્રી યોગેશ્વર રોટી કેન્દ્ર શરૂ કર્યું. સામાન્ય આર્થિક સ્થિતિ છતાં પોતાની આર્થિક મર્યાદામાં રહી તેઓ અઠવાડિયામાં બે દિવસ રોટલીઓ થેલીમાં લઇને ગરીબો જ્યાં બેઠા હોય ત્યાં જઇને આપી આવતા.

ઘણી મોટી ઉમ્મર છતાં, સાડા ત્રણ વર્ષ સુધી આવી સત્કર્મની પ્રવૃત્તિ તેઓ એકલા હાથે કરતા રહ્યા. ધન્ય છે શ્રી બાલુભાઇને, એમની ઉત્તમ સેવાવૃત્તિને જેણે બીજા માટે થોડું પણ જીવવાનો પ્રયાસ કર્યો-એનું મનુષ્ય તરીકેનું જીવન સફળ જ થવાનું. જેમ અનેક ગરીબોની અન્ન વડે એમણે ક્ષુધાને સંતોષી છે, એમ પ્રભુ પણ શું એમના આત્માને શાન્તિ નહિ આપે? આપશે જ, એમાં શંકાને ક્યાં અવકાશ છે?

—તંત્રી

* ——— *

## * જાહેરખબરના દર *

'અધ્યાત્મમાં' જાહેર ખબરના નવા દર નીચે પ્રમાણે છેઃ-

| | | |
|---|---|---|
| ટાઈટલ | પેજ ૨ અને ૩ | રૂા. ૩૦૦ |
| ટાઇટલ | પેજ ૪ | રૂા. ૪૦૦ |
| અંદરના | આખા પાનાના | રૂા. ૨૫૦ |
| અડધા | પાનાના | રૂા. ૧૨૫ |

જાહેર ખબર માટે તંત્રીનો નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી છે. નારાયણ હ. જાની પ્લોટ નં. ૧૯૮૮ બી, સરદારનગર, ભાવનગર-૧. ૩૬૪ ૦૦૧.



## નથી જોઇતું

માનવઃ–હે પ્રભુ ! મારે આ મન
નથી જોઈતું, નથી જોઈતું, નથી જોઇતું.
શાન્તિમાં ક્લાંતિ ભરનારું,
ભ્રાન્તિ રચી શુદ્ધિ હરનારું,
કૈં કૈં કૃષ્ણ કરમ કરનારું
હે વિભુ !
મન આવું ના નથી જોઇતું
નથી જોઈતું આવું મન મારે.

પ્રભુઃ–હે મુગ્ધ માનવ શિશુ !
દગ્ધ બની તું લવતો આ શું ?
માનવ મનન થકી માનવ ને
મનન મન વિણ ક્યાંથી ?
રૂપ-રંગ-આકાર-ઓજ હીણ
એ મન ભારે શાથી ?
માનવ ! મન વિણ માનવ ક્યાંથી ?

માનવઃ–હે વિભુ ! વાત આપની સાચી
આદર્શે, પણ વ્યવહારે તો કાચી,
શેનું મનન કરે તે જાણો ?
તમે જ એના સર્જક
પણ આ મન તો
ઘાટ આવતાં નકારવાની તમને
ના ચૂકે એકે તક !
સ્વાર્થ-લોભમાં સદાય તત્પર,

કોઇ ન એને નિજનું કે પર,
વેચી નાખે ખૂદ પરાત્પર !
રૂપરંગનાં સરજે નાટક !
ન કરવાનાં કરતું ત્રાટક !
ઓજહીણ પણ સકલ વિશ્વનો
બોજો ખડકે નિજની ઉપર !
ના પ્રભુ !
મન આવું ના નથી જોઇતું
નથી જોઇતું આ મન મારે.

પ્રભુઃ-હે ! અજ્ઞ માનવ બાળ !
સ્મૃતિ, દૃષ્ટિ ને પ્રજ્ઞા-બળથી
એ મન અતિક્રમે દિક્કાલ !
શિવ-સંકલ્પની સંજીવનીથી
બ્રહ્માંડે એકલ માનવ-મન
ભરતું કેવીક પ્રગતિ-ફાળ !

માનવઃ-હશે પ્રભુ એ વાત આપની સાચી
પણ વ્યવહારે તો કાચી.
સ્મૃતિ બને ના શાપ ! પ્રભુજી !
દૃષ્ટિ રહે નિષ્પાપ ! કહોજી ?
પ્રજ્ઞાની રામાયણ ભારી !
શિવ સંકલ્પે મન દે યારી ?
ચંદ્રલોક ને સૂર્યલોકમાં વાસ
માનવજાતિ શ્વસતી કિન્તુ
પૃથ્વી માટે તો નિઃશ્વાસ !
અહીં જ પાકે દુઃશાસન ને રાવણ !
તાંડવ ખેલે ચંગીસ તિમૂર હિટલર,



પ્રભુ ! તમારી આ પૃથ્વી પર.
હે વિભુ ! મન આવું આ નથી જોઇતું
નથી જોઈતું આવું મન મારે !

પ્રભુઃ-હે મુગ્ધ માનવ બાળ !
કાલીઘેલી બાલિશ વાતો ટાળ,
ઉત્ક્રાન્તિના ક્રમમાં આ મન
ભરશે ઉર્ધ્વ-ઉર્ધ્વતમ ફાળ.
હસ્તિ-દન્ત સમી ઉત્ક્રાંતિ
ઉર્ધ્વારોહણ વિણ ના શાન્તિ.
બુદ્ધ-ઇશુ-ગાંધીનાં જીવન
સરજે ના મનનાં નંદનવન ?
માનવ-મનથી દુનિયા ધન ધન !
બંધન ને મુક્તિનું કારણ
પ્રભુકૃપા એ દુરિત-મારણ,
યોગાભ્યાસે એનું તારણ
આશાવાદે હૈયા-ધારણ
'કલ્યાણે ના દુર્ગતિ કોની'
અભયવચન ગીતામાં જોની,
ધાર, ધાર, માનવ ! મન-મોતી
સાત સાગરે શકે ન ગોતી.

ડૉ. રણજિત પટેલ (અનામી)

# ઇશ્વર કી ઓર

[ ગતાંકથી ચાલુ ]

મૂ. લે. પૂ. સંતશ્રી આશારામજી બાપુ
સંકલનઃ-મમતા પી. ભાટીયા

એક જણ સ્કૂટર લઈને ભાગ્યો અને સ્મશાનમાં જઈને લાકડાંની વ્યવસ્થા કરવા લાગ્યો. લાકડાં નીચે ગોઠવવામાં આવ્યાં. તેના ઉપર તમારા શબને લોકો મૂકી રહ્યા છે. બોજો ખભેથી ઊતરીને હવે લાકડાં ઉપર પડી રહ્યો છે. ત્યાં પણ બોજો કેટલીવાર સુધી રહેશે! ઘાસના પૂળા, નારિયેળની કાચલી, માચીસ, ઘી અને દીવેટ તૈયાર કરવામાં આવે છે. તમારું અંતિમ સ્વાગત કરવા માટે આ ચીજો અહીં લાવવામાં આવી છે. અંતિમ વિદાય....

આ શરીરને તમે હલવો-પૂરી ખવડાવીને પાળ્યું કે લૂખી સૂકી રોટલી ખવડાવીને ટકાવ્યું તેથી હવે શું ફરક પડે છે? ઘરેણાં પહેરીને જીવ્યા કે ઘરેણાં વગર જીવ્યા તેથી શું ફરક પડે છે? આખરે તો એની સંભાળ અગ્નિ દ્વારા લેવામાં આવશે. માચીસ દ્વારા તમારું સ્વાગત કરવામાં આવશે.

આ શરીર માટે તમે કેટકેટલાં પાપ કર્યાં? કેટકેટલાં સંતાપ સહ્યા? કેટલાય લોકોના દિલ દુખાવ્યાં? જે શરીરને માટે તમે લોકેશ્વર સાથેનો સંબંધ તોડયો હતો. તે ચિતા ઉપર પડયું છે. તમારું શરીર, એક માણસ દેખરેખ રાખે છે. 'મેનેજમેન્ટ' કરી રહ્યો છે. તે ,આમ કરો'...તેમ કરો'... સૂચનાઓ આપી રહ્યો છે. અરે ચતુરાઈ બતાવનારા! તમારું પણ એજ થવાનું છે.

લોકો હવે જવા માટે આતુર થયા છે. 'હવે ચિતાને



દીવાસળી ચાંપો, ઘણું મોડું થઇ ગયું, જલ્દી કરો...જલ્દી કરો'...ઇશારા થઈ રહ્યા છે. વાહ રે વાહ સંસારના મિત્રો! વાહ રે વાહ સંસારના સગા સંબંધીઓ! તમારી પોલ જોઇ લીધી. પ્રભુને મિત્ર નહિં બનાવો તો આવા જ હાલ થવાના છે. જેઓ તમારા લંગોટીયા મિત્ર હતા તેઓ જ આજે જલ્દી કરી રહ્યા છે. એ લોકોને ભૂખ લાગી છે, બહાર તો નથી કહેતા પણ અંદર કહી રહ્યા છે, 'કે હવે વાર ન લગાડો'.

નારિયેળની કાચલીમાં ઘી નાંખે છે. જ્યોત પ્રગટાવે છે. તમારા બુઝાયલા જીવનને સદાય માટે નષ્ટ કરવા જ્યોત સળગાવવામાં આવે છે. આ જ્યોત બ્રહ્મજ્ઞાની ગુરુની નથી, સદ્ગુરુની જ્યોત નથી. આ તમારા મિત્રોની જ્યોત છે. જેમના માટે તમે પોતાનું સમગ્ર જીવન ખોઇ રહ્યા હતા, એ લોકો તમને આવી જ્યોત આપશે. માથા તરફ લાકડાં વચ્ચે જે ઘાસ છે. તેને જ્યોતનો સ્પર્શ કરાવે છે. ભૂભુક ભૂભુક આગ ચાલુ થઈ ગઇ. તમારા ઉપર વીંટાળેલાં કપડાં સુધી આગ પહોંચી ગઇ. ચિતાને આગ ઘેરી વળી છે, લોકોને ભૂખ ઘેરી વળી છે. લાકડાં પૂરજોશમાં બળી રહ્યાં છે. માથા બાજુ આગ...પગ બાજુ આગ, વાળ તો એવા બળ્યા જાણે ઘાસ બળ્યું. લાકડાં વચ્ચેથી ચરબી પડી રહી છે, ત્યાં પણ આગની લપેટો તેને ભસ્મ કરી રહી છે. હવે હાડકાં-પાંસળાં એક એક થઇને જુદાં પડી રહ્યાં છે, બળી રહ્યાં છે.

ઓ....હો! કેટલું સંભાળ્યું હતું આ શરીરને! કેટલું એ પ્યારું હતું! જરાક કીડની બગડે તો અમેરિકા સુધી દોડતા હતા! હવે તો આખુ શરીર બગડી રહ્યું છે. કેટલે સુધી દોડશો? કયાં સુધી દોડશો? જરાક પગે દુખતું, હાથમાં કંઇક વાગતું તો સ્પેશ્યાલીસ્ટો દ્વારા ઘેરાઈ જતા. અત્યારે

કયો સ્પેશ્યાલીસ્ટ અહીં કામ આવશે ? આ નિષ્ણાતો પોતે પણ આ જ પરિસ્થિતિમાં મુકાવાના છે. ભલે ઢગલાબંધ ફી લઇ લે, ક્યાં સુધી પોતાની પાસે રાખશે ?

તમારા શરીરનું હાડપિંજર પણ હવે વિખેરાઇ રહ્યું છે. આ હાડકાંના ટુકડા કોના હતા ? કોઇ સાહેબના હતા કે પટાવાળાના હતા ? શેઠના હતા કે નોકરના હતા ? સુખી માણસના હતા કે દુઃખી માણસના હતા ? સ્ત્રીના હતા કે પુરુષના હતા ? કંઈ ઓળખાણ પડતી નથી.

હવે આગ ધીરે ધીરે શાંત થઈ રહી છે. મોટા ભાગના મિત્રો, સંબંધીઓ સ્નાન કરવા લાગ્યા છે. તૈયારી કરી રહ્યા છે જવાની. કેટલાય લોકો વિખેરાઇ ગયા. બાકીના લોકો તમારી અંતિમ રજા લઈ રહ્યા છે. આગને જળની અંજલિ આપીને, આંખોમાં આસું લઈને વિદાય થઇ રહ્યા છે. 'અમે પરમ દિવસે આવીશું ફૂલ ભેગાં કરવા, જોજો કોઈ બીજાના ફૂલ આમાં મિશ્રિત ન થઈ જાય.'

કોણ પોતાનું ને કોણ પરાયું ? શું ફૂલ અને શું અફૂલ ? 'ફૂલ' જે હતું એ તો વિદાય થઈ ગયું. હવે હાડકાંને ફૂલ કહીને શું મનને મનાવવું ? ફૂલોનું ફૂલ તો તમારું ચૈતન્ય હતું. એ ચૈતન્ય પરમાત્માને પામી લીધા હોત એ અંતર્યામી પ્રભુને પોતાનું સ્વરૂપ સમજ્યા હોત, એ અખંડ બ્રહ્માંડમાં વ્યાપેલા સ્વરૂપમાં સ્થિતિ કરી હોત, 'अहं ब्रह्मास्मि'નું વેદવચન અનુભવ્યું હોત તો તમારું શું બગડી જવાનું હતું ?

બધા લોકો ઘેર ગયા. એક દિવસ વીત્યો, બીજો વીત્યો. ત્રીજા દિવસે એ લોકો પહોંચ્યા સ્મશાનમાં. ચીપિયાથી



આમ તેમ ફંફોળીને હાડકાં ભેગાં કર્યાં. તમને નાખી રહ્યા છે એક ડબ્બામાં. આશરે ૬૫૦ ગ્રામ ફૂલ મળ્યાં. એમને એક ડબ્બામાં નાખીને સંબંધીઓ ઘેર લઈ આવ્યા છે. સમજુ લોકોએ કહ્યુ : 'હાડકાં ઘરમાં ન લાવો, બહાર મૂકો .. ક્યાંક દૂર... કોઇ ઝાડની ડાળીએ બાંધી દો. જ્યારે હરિદ્વાર જઈશું ત્યારે ત્યાંથી લઇ જઇશું.' વાહરે વાહ સંસાર! તારા માટે આખું જીવન ખર્ચ્યું હતું. આ હાડકાંને બનાવવામાં અને સંભાળવામાં કેટલાય વર્ષો લગાડ્યાં. હવે અપશુકન થઇ રહ્યુ છે ? પાડોશીના ઘેર લઈ જઈએ તો પડોશી નારાજ થઇ જાય છે કે આ ' કરો છો ? તમારા જિગરજાન દોસ્તના ઘેર લઈ જઇએ તો તે ઘસીને ના પાડી દે છે કે અહીં નહિ...દૂર...દૂર હાડકાં પાસેથી શું મળવાનું છે ? એ લોકો દોસ્તી કરશે કંઇક લેવા માટે, જ્યારે સદ્‌ગુરુ તમને શાશ્વત આપીને પોતાની સગવડની પરવા નહિ કરે. સદ્‌ગુરુનું દીધેલું જેણે સાચવ્યું એણે બધું જ સાચવ્યું. જગતનું બધું જ સાચવ્યું પણ સદ્‌ગુરુનું આ આપેલું સાચવવાનું સૌભાગ્ય જેમને ન મળ્યું તેઓ આ ભવાટવીમાં ભમ્યા કરશે બિચારા !

તમારા બધાં પદ-પ્રતિષ્ઠા એ નાનકડા ડબ્બામાં પરાધીન થઈને, અતિ તુચ્છ થઇને પુરાઇ રહ્યાં છે, ઝાડની ડાળે લટકાવવામાં આવી રહ્યાં છે. કુટુંબીજનોને જ્યારે મોકો મળશે ત્યારે જઈને ગંગામાં પ્રવાહિત કરી દેશે. જોઇલો, તમારા કીંમતી જીવનની હાલત !

જ્યારે બિલાડી દેખાય છે ત્યારે કબૂતર આંખો બંધ કરીને મોતથી બચવા માગે છે. બિલાડી એને હડપ કરી જાય છે. એ જ પ્રમાણે તમે જો આ નક્કર સત્ય તરફ આંખ

બંધ કરવા માગશો, 'મારું મોત નહિ થાય' એવો વિચાર કરશો અથવા સત્સંગને ભૂલી જશો તો મોત તમને છોડશે નહિ.

સત્સંગને યાદ રાખજો. મોતને પાર કરવાની ચાવી એ તમને આપશે. તમારી અહંતા અને મમતા તોડવા માટે યુક્તિ બતાવે છે કે જેથી તમે સાધનામાં લાગી રહો. આ માર્ગે ડગ માંડ્યાં છે તો સિદ્ધિના શિખરે પહોંચી જાઓ. કયાં સુધી અટવાતા રહેશો ? હવે તમારા અસ્થિ ગંગામાં પડે એ પહેલાં તમારું જીવન જ્ઞાનની ગંગામાં વહાવી દેજો. તમારા અસ્થિ ઝાડ ઉપર ટિંગાય એ પહેલાં તમારો અહંકાર ટાંગી દેજો પરમાત્માની અનુકંપામાં. પછી એ પ્યારાની જેમ મરજી હોય તેમ નચાવી લે, જેમ મરજી હોય તેમ દોડાવી લે.

બેસણું કરવા માટે ત્રીજા દિવસે લોકો ભેગા થયા અને મૃત્યુ વિષે થોડીવાર ચર્ચા થઇ. રોવાવાળા સ્નેહીઓએ થોડું રડી લીધું. દેખાવ કરનારાઓએ વ્યવહારની ઔપચારિકતા કરી લીધી. બેસણું પૂરું થયું. બેસણામાં બેસી બેસીને બધા ઊઠી જવાના અને એક દિવસ એમનુંય બેસણું થવાનું છે. હે ભોળા મહેશ્વર ! તમે ડાહ્યા થાઓ. પોતાના સ્વરૂપમાં બેસો. બેસો નિરાંતે એકાંતમાં. નિહાળો મનની વૃત્તિઓને... શ્વાસોચ્છ્વાસને. થઇ જાઓ જીવનના અને મોતના સાક્ષી.

દિવસો વીતી રહ્યા છે. પ્રસંગ આવ્યો. એ ડબ્બાને હરિદ્વાર લઈ જવામાં આવે છે. એક થેલીમાં એ ડબ્બો મૂકીને ટ્રેનની સીટ નીચે મૂકવામાં આવે છે. લોકો પૂછે છે. 'આમાં શું છે ?" તમારા સંબંધી જણાવે છે; 'ના, ના, કંઈ નથી. બધું નકામું છે. અસ્થિ છે એમાં. એમ કહીને તેઓ પગથી ડબ્બાને હડસેલો મારે છે. લોકો બોલે છે; 'અહીં નહિ... અહીં નહિ...ત્યાં મૂકો.'



વાહ રે વાહ સંસાર ! તમારા અસ્થિ જે ડબ્બામાં છે. એ ડબ્બો ટ્રેનમાં સીટ નીચે મૂકવા લાયક નથી રહ્યો. વાહ વાહ રે પ્યારા શરીર ! તારા માટે અમે શું શું કર્યું હતું ? તને સંભાળવા માટે અમે શું શું નહિ કર્યું ?

સંબંધીઓ હરિદ્વાર પહોંચ્યા છે. પંડાઓએ એમને ઘેરી લીધા. સંબંધીઓએ તેમની પાસે અંતિમ વિધિ અંત્યેષ્ટિ ક્રિયા કરાવી રહ્યા છે. અસ્થિ નાંખી દીધા ગંગામાં. પ્રવાહિત થઇ ગયાં. પંડાને દક્ષિણા મળી ગઇ. સંબંધીઓને આસું પાડવા હતાં. બે ચાર પાડી દીધાં. હવે એમને પણ ભૂખ લાગી છે. તેઓ ખાય છે, પીએ છે, ગાડીનો સમય પૂછે છે. જલ્દી પાછા ફરવું છે કેમકે ઓફિસે હાજર થવાનું છે, દુકાન સંભાળવાની છે. તેઓનો વ્યવહાર જાણે કહેતો ન હોય; 'એ તો મરી ગયો. એને વિદાય આપી દીધી. આપણે થોડા જ મરવાના છીએ ?"

(ક્રમશઃ)

---

## પ્રાર્થના

હે ભવનંદન નાથ !
શુભકર અમ બાલક તમજય સુખસાગર
કર મન નિરમળ, તમહર સુખભર...હે ભવવંદન નાથ
વિશ્વ વસન્ત વિભુ ! શિશુ રંજન.
બાલક તમહર વિપદ વિદારણ.
હૃદય રસેશ્વર રસભર ઉર નૂર,
કર શુભ નટવર અમ જીવનેશ્વર....હે ભવવંદન નાથ

ડો. રણજીત પટેલ (અનામી)

# વ્રતોત્સવ--૬

કલ્યાણ

આજે તા. ૩૦-૧૨-૮૬ ના સુપ્રભાતે ગંગામૈયા એજ પ્રસન્નતાથી વહી રહ્યા છે. ઠંડીએ પોતાનું સામ્રાજ્ય બરાબર જમાવ્યું છે. પૂર્વાકાશમાં ભગવાન સૂર્યનારાયણે પ્રાણીમાત્રને નવજીવન બક્ષવા પોતાની નિયમિત યાત્રા આરંભી દીધી છે. ગંગામૈયાના દર્શનમાં આછેરા ધુમ્મસનાં વાદળો વિઘ્નરૂપ બનતાં તેને પોતાના કરકિરણોથી દૂર હડસેલી દઇને ગંગામૈયા-નો પાવન સ્પર્શ પામવા જાણે અધીરા થઈ ગયાં છે. એક ક્ષણમાં તો ગંગામૈયાનો વિશાળ વારિપટ સોનેરી કિરણોથી ઝગમગી ઊઠ્યો. કેવું દિવ્યતાનું મિલન! દરેક મંગળ પ્રભાત અહીં પરમ દિવ્યતાથી સોહી રહે છે.

પ્રકૃતિની આ દિવ્યતાને આત્મસાત કરવા આર્યનિવાસ-નાં ગંગાઘાટ પર ભક્તવૃંદ ભગવાન યોગેશ્વરનાં પુનિત સ્મરણમાં એકાગ્ર બન્યું છે. યોગેશ્વર બાવની બાદ હવે દુર્ગાસપ્તસતીના પાઠનું પારાયણ ચાલી રહ્યું છે. પ્રભાતની મંગળ વિધિઓ એક પછી એક ચાલી રહી છે. ગંગામૈયાની ષોડશોપચારે પૂજા વિધિ કરી ગંગામૈયાની પ્રસન્નતા માટે સૌ પ્રાર્થના કરી રહ્યા છે. છેલ્લે આરતીની આરત વિના તો ગંગામૈયા કયાંથી પ્રસન્ન થાય?

જય જય જય શ્રી ગંગામાતા ભાગીરથી વંદુ તને,
હે મા ગંગા તારા ચરણે, પ્રણામ કરું છુ પ્રેમે,
નમસ્કાર કરું તારા ચરણે, દંડવત કરું હે મા,
જય જય જય.

આખરે ભક્તોની તપશ્ચર્યા ફળી, મા ગંગા પ્રસન્ન થયાં.



ભક્તો આજે હજુ જેમના દર્શન નહોતા પામી શકયા એવા પૂ. માના મંગળમય દર્શનથી આનંદવિભોર બની ગયા. નિર્દોષ હાસ્યથી પ્રસન્ન વદનકમળ, વાત્સલ્ય અને કરુણાની વર્ષા કરતાં નયનો, સમગ્ર શ્રી વિગ્રહમાંથી નિતરતી તપની તેજસ્વીતા જોઈ ભક્તોના અંતરમાં ભાવો વહી રહ્યા.

સર્વમંગલ માંગલ્યે શિવે સર્વાર્થે સાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણિ નમોસ્તુતે ।।

આજે પૂ. માની તબિયત બરાબર નથી પથારીમાંથી ઊઠી શકાય તેવી સ્થિતિ નથી. છતાં મસ્તક પર એક સાથે બે મફલર વિંટી, બદામી રંગનું સ્વેટર પહેરી, ઉપર ગરમ સફેદ સાલ વિંટીને, બગલમાં નીચે બેસવાની ગાદી દબાવીને એકલાં જ પોતાના ઓરડામાંથી નીચે ઘાટ પર આવ્યાં છે. પૂ. મા આરામ કરે એમ બધા ઇચ્છે છે પરંતુ પૂ. મા શ્રદ્ધાળુ ભાવિકોના ભાવને પોષવા ગમે તેવી મુશ્કેલીઓ સહન કરી લે છે. અહર્નિશ ચાલતી પરમશકિતની પ્રસન્નતા માટેની આરાધનામાં પૂ. માએ આરામને તો કયારનોય અભેરાઈ પર ચઢાવી દીધો છે.

અત્યારે બપોરના ૧૨ થવા આવ્યા છે. પૂ. મા લીલા-મૃતનું પારાયણ શરૂ કરાવે છે. એકવાર સંકીર્તન શરૂ થયા પછી પૂ. મા તેમાં ખોવાય જાય છે. પ્રભુના લીલા પ્રસંગો ગાતાં પૂ. મા અજબ મસ્તીથી રંગાઈ જાય છે. ગુરુદેવ પ્રભુની એ ગૌરવ ગાથા પૂ. માની રોમેરોમમાંથી વ્યક્ત થઈ રહી છે. હાથના અભિનય અને મુખપરના ભાવો દ્વારા એ ગૌરવ અને ખુમારી વ્યક્ત થઇ રહ્યાં છે. ઉંચે સાદે પડી રહેલા પોકારોમાં અંતરતમનું ઊંડાણ વર્તાય રહ્યુ છે. પ્રભુની લીલા ગાતાંગાતાં પૂ. મા પોતે પણ અવનવી લીલા સર્જી રહ્યાં છે. ઘડી પહેલાંની શારીરિક નબળાઈ કોણ જાણે કયાં ગઈ? હજુ

તો સવારે મંજુબેન ભાવસાર પૂ. માના સમાચાર આપતા કહેતા હતા કે રાત્રે પૂ. મા પડખુ પણ ફરી શકવા અશકિત-માન હતાં. એટલે તો આજે સવારે પૂ. મા સત્સંગમાં મોડા આવ્યાં છે. સત્સંગ પણ ઓરડાને બદલે ગંગાગાટ પર રાખ્યો છે. તેમ છતાં આરામ લેવાને બદલે નામસંકીર્તનના આનંદમાં પૂ. માને આરામ વર્તાય છે તે હકીકત છે. શ્રી નારાયણભાઈ જુલાઇ, ૮૭ ના અધ્યાત્મના અંકમાં પૂ. માની વિરલ, અલૌકિક અવસ્થાની નોંધ લેતા લખે છે "ઉચ્ચકોટીના સંતો ને યોગીઓએ મનની એવી અવસ્થા પ્રાપ્ત કરી હોય છે કે તનની વ્યાધિઓ એમની આત્મસ્થિતિમાં બાધક બનતી નથી." અનેક પ્રસંગોમાં પૂ. માની આ અલૌકિક અવસ્થાના દર્શન થતાં રહે છે. આજે પણ સૌ કોઈ એ અવસ્થા નજરે નિહાળી શકે છે.

પ્રભુના પ્યારાઓ કયારે કેમ પ્રેમની મસ્તી અનુભવે તે કહી શકાતું નથી. અત્યારે લીલામૃતના ગાન પછી પૂ. મા ગંગાઘાટ પર નીચે ઉતર્યાં છે. નહાતી વખતે પકડવા માટે રાખેલા પાઇપ પર પૂ. મા બેસી ગયાં છે. હાથમાં વાટકો છે. વાટકામાં ગંગાજળ ભરી પૂ. મા સૌને પાઈ રહ્યાં છે. સૌ ખોબોવાળી પૂ. માના હસ્તે ગંગાજળ પી રહ્યા છે. શ્રી નારાયણભાઇ એક હાથે ચરણામૃત લેતા હોય તેમ ગંગાજલ પીતા જોઈ પૂ. મા હસતા હસતા કહે "બીજો હાથ સંસારમાં રાખ્યો છે ? બંને હાથે પીઓને !" પછી પૂ. માએ બે વાટકા ભરીને નારાયણભાઇને ગંગાપાન કરાવ્યું. પૂ. માનો એ નિર્વ્યાજ પ્રેમ અને ભાવિકોની તૃપ્તિનો આનંદ અનેરો હતો.

પૂ. મા આજે ગંગાઘાટ પર આવ્યાં ત્યારે બે ચિત્રો સાથે લાવ્યાં છે. એક વડોદરાના એક ભાવિક બહેને દોરેલુ ગુરુદેવ પ્રભુનું ચિત્ર છે, અને બીજું મોરબી કોઈ પ્રેમીજને



દોરેલું પૂ. જ્યોતિર્મયી માતાજીનું ચિત્ર છે. આ ચિત્રો પૂ. મા છેક ગુજરાતથી અહીં સાથે લાવ્યા છે. એ ચિત્રો પર આબેહૂબ ભાવો ઉપસી શકયા નથી એટલે તે કયાંય જાહેરમાં મૂકી શકાય તેમ નથી. પૂ. માએ સ્વહસ્તે તે ચિત્રોનું ગંગામાં વિસર્જન કરતાં કહ્યું "પ્રભુની પ્રતિકૃતિ આપણને યોગ્ય ન લાગતી હોય તો આદર સાથે પવિત્ર સ્થળોમાં તેમનું વિસર્જન કરવું જોઇએ."

આજે ૫-૪૫ વાગ્યે હરકીપેડી પર બ્રહ્મઘ ટે ગંગામૈયાની સાયં આરતીના દર્શન કરવા પૂ. મા પધાર્યાં છે. ભર શિયાળાની ઋતુ છે એટલે યાત્રિકોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. સર્વત્ર પ્રભુના દર્શન કરતા ભારતીયોની આસ્તિ-કતા અલૌકિક છે. અહીં નદી એ નદી નથી પણ પ્રભુનું સ્વરૂપ છે એમ માનીને તેની આરતી ઉતારાય છે. ભારતીય સંસ્કૃતિનું ગંગા એક અવિભાજ્ય અંગ બની ગયું છે મહાન જ્યોતિર્ધરોએ પણ ગંગામૈયાની દિવ્યતાની આરતી-માંથી પ્રેરણાના પિયુષ પીધા છે. પૂ. મા પણ એ મહાન પરંપરાનાં એક જ્યોતિર્ધર છે. પૂ. મા ગંગામૈયાના સાન્નિધ્યે પ્રભુની પ્રાકટ્યતા અનુભવે છે એટલે એ સાક્ષાત પાવન દર્શન પામવા પૂ. મા વારંવાર ગંગાજી પધારે છે.

અતિશય ઠંડી વચ્ચે, ભકતોની અનિચ્છા હોવા છતાં પૂ. મા ગંગામૈયાની આરતીની દિવ્યતા માણવા હાજર થઈ ગયા છે. પૂ. મા હરકીપેડીના પુલ નીચે ઘાટપર ઉભા રહીને આરતીનાં પાવન દર્શન ભાવપૂર્વક કરે છે. ઠંડી એટલી છે કે આરતી થતાં થતાં તો સૌ ધ્રુજવા માંડ્યા છે. ગંગામૈયાના વિશાળ પટપરથી ઠંડા પવનો વેગપૂર્વક વાઈ રહ્યા છે. સૌ ઇચ્છે છે કે પૂ. મા હવે જલ્દી પાછા ફરે તો સારૂં. પરંતુ મા જેનું નામ તે તો ધારે તેજ કરે. પૂ. મા એ તો ઘાટ પર

આસન જમાવ્યું. સૌ પાસે ગંગામૈયાને દિપક અર્પણ કરવા તૈયાર દિપકો લેવડાવ્યા. ગંગાઘાટ પર બેસીને એક પછી એક સૌ ગંગામૈયાને દિપક અર્પણ કરે છે. ગંગાપ્રવાહ ઉપર તરતા દિપકોમાં સૌ પોતાની અનેરી શ્રદ્ધાના દર્શન કરી પ્રસન્નતા અનુભવી રહ્યા છે. પૂ. મા સ્વયંઘાટના પગથિયાં ઉતરી, લોહી થીજાવી દે એવા ઠંડા ગંગાજલમાં ઉભા રહી એક મોટો દિપક ગંગામૈયાને પ્રણામ સાથે અર્પણ કરે છે. પ્રેમ અને શ્રદ્ધા પૂ.માના રૂપમાં મૂર્તિમંત થતા અહીં દેખાય છે. અમને એમ હતુ કે હવે બધી વિધિ પૂર્ણ થઈ અટલે પૂ. મા હવે જલ્દી પ્રસ્થાન કરશે. પરંતુ અમારી ધારણા ખોટી પડી. ગંગામૈયાના સાન્નિધ્યેથી પૂ. માને પાછા વાળવા એતો ભગવાન નીલકંઠને સમાધિમાંથી જગાડવા જેવું કપરું કામ! આટલી ઠંડીની ભયંકરતા વચ્ચે પૂ. માએ તો ધૂન શરૂ કરાવી.

યોગેશ્વર ભગવાનકી, જય જય ભાગીરથી માતકી,
જયજય ભાગીરથી માતકી, જયજય શ્રી ગંગા માતકી.

એ ધૂનનો પ્રતિઘોષ ભાવિકોમાં ફરી વળ્યો. ગંગાઘાટ પર સંકીર્તનની એક ઝલક ફરી વળી, અને એકવાર સંકીર્તન શરૂ થયા પછી તેની મસ્તીના આનંદમાં પૂ. મા સહિત સૌ ભાવિકો મસ્ત બની ગયા. એક પછી એક ધૂન અને ભજનની એવી તો રમઝટ ચાલી કે ગંગાઘાટ પર હરિરસ હેલી વરસી રહી.

ઠંડી ઠંડીને ઠેકાણે રહી, રાતનો નવ વાગ્યાનો સમય છે. ગંગામૈયાની ગોદમાં પ્રભુના નામ સંકીર્તનમાં ભાવિકોના હૈયા હેલે ચડયા છે. ચંપાબેનની મસ્તી માણવા જેવી છે. પચાસેક વર્ષની ઉંમર છે, નિરક્ષર છે. છતાં ધુનની મસ્તીમાં નાચતાં જોઇએ તો એમ લાગે કે શરીરને અવસ્થા જેવું કંઈ નથી, પ્રેમમસ્તી એજ અવસ્થા નિરક્ષર છતાં ભજનોની સર-



વાણી હૈયામાંથી એવી ફુટી નીકળે કે બસ ચાલ્યા જ કરે. શ્યામભાઇની ધુનમાં એવો પ્રચંડ પ્રેમભાવનો પડઘો કે એ પહાડી અવાજ સીધો ગોલોકમાં જ પહોંચે. વિજયભાઈ પંડિતને એમના સાચા સ્વરૂપમાં જોવા હોય તો પૂ. માની આરતીના ગાનમાં. ચોપાસ વહેતા ગંગામૈયાને પોકારી પોકારીને કહેતા હતા.

દક્ષિણેશ્વરની દેવી મહાકાલી ખરે,
પ્રભુ યોગેશ્વરે જેની સાધના કરી.
દયા દર્શાવી પૂર્ણ રૂપે પ્રકટ હવે,
હું તો આરતી ઉતારું સર્વેશ્વરીનીરે.

એક પછી એક ભાવિક ભક્તોની ભાવસરિતાઓ ગંગામૈયા ને સમર્પિત થતી જતી હતી. સૌ ઉભા થઇને નાચતા કૂદતા પ્રેમગાનની મસ્તીમાં ગંગામૈયાનો ખોળો ખૂંદતા હતા. અરે ! અહીંતો શાંતિભાઈ કનેરિયાને પણ નાચતા જોવાની મજા હતી. આ સંકીર્તન મંડળી છેવટે પૂ. માની આસપાસ ફરી વળી. સૌના હૃદયનો પડઘો ગંગામૈયા સાંભળી રહ્યા.

તરછોડીને જાશો ના અમે તમારે પાલવ વળગ્યા
પાલવ વળગ્યા મા છેડલે વળગ્યા–તરછોડી,
મા મા કરતા રહીએ મા, અમે તમારે પાલવ વળગ્યાં–તરછોડી.
હવે સંકીર્તનનો એકજ સાર સંભળાઈ રહ્યો છે.
મા મા કરતા રહીએ મા, અમે તમારે પાલવ વળગ્યાં.

મા મા ના પોકારોથી ગંગાતટ ગાજી ઉઠ્યો. ગંગામૈયાય જાણે થોડીવાર થંભીને જોઇ રહ્યા ! છેવટે પૂ. મા સંકીર્તનથી પ્રસન્ન પ્રસન્ન થઇ ગયાં. ભકતોમાં પ્રેમગાનની મસ્તીનો સંતોષ ફરી વળ્યો. છોકરાઓ કીર્તન કરે તે માને ખૂબ ગમે. એટલે રાતના ૧૦ વાગ્યે પૂ. માએ છોકરાઓને ગરમ ગરમ સમોસાનો પ્રસાદ સૌને ખવડાવ્યો. શું ઠંડી ને શું વાત ! બે

કલાક કીર્તન મસ્તીમાં ક્યાં પસાર થઈ ગયા તે પણ ભાન ન રહ્યું. રાત્રે પડખુ ફરવાની પણ શકિત ન હતી એવા પૂ. મા આખા દિવસના પરીશ્રમ પછી રાત્રે ખુલ્લા ગંગાતટની ભયંકર ઠંડીમાં સતત ત્રણ કલાક બ્રહ્મઘાટના પવિત્ર સ્થાનમાં કીર્તનભકિતનો આનંદ લૂંટે તે પ્રભુની કૃપા વિના ક્યાંથી સંભવે ! પ્રભુની કૃપા પૂ. માના શ્રી વિગ્રહ દ્વારા અનેક લીલાપ્રસંગોનું સર્જન કરી રહી છે.

ગંગામૈયાની ગોદમાં માણેલા કીર્તનાનંદને વાગોળતા અમે જ્યારે આર્યનિવાસમાં પહોંચ્યા ત્યાં સમાચાર મળ્યા કે પૂ. મા જલ્દી બધાને બોલાવે છે. સૌ દોડતા પૂ. મા પાસે પહોંચ્યા તો પૂ. મા એક પછી એક સૌ જીવોના જઠરાગ્નિને તૃપ્ત કરતા હતા. બીજી વખત ઠંડીમાં ગરમગરમ સમોસાની પ્રસાદી સ્વહસ્તે સૌને વહેંચી રહ્યા હતા. પૂ.માનું સાન્નિધ્ય સેવતા સૌ ભાવિકો જાણે કે છે પૂ. મા એટલે અન્નપૂર્ણાનું સ્વરૂપ જાણે ! આરોગે છોકરાઓ અને ઓડકાર માને આવે, એવો પ્રેમનો પારાવાર એટલે પૂ. મા. સાથે સાથે પૂ.માને જાણતા ભકતો એ પણ જાણે છે કે ભજનાનંદ માણવા પૂ. મા માટે રાતદિવસના ભેદ રહ્યા નથી. આઠેય પહોર લોભી માણસની જેમ પ્રભુપ્રેમરૂપી નાણાથી ભંડાર ભરતાં તૃપ્તિ અનુભતા નથી.

અમને તો એમ હતુ કે આજે તો ગંગાતટે ખૂબ ભજન કીર્તન કર્યાં એટલે ગરમગરમ સમોસા ખવડાવ્યા પછી પૂ. મા સુવાની છૂટ આપશે. બધા એ પણ જાણે કે પૂ. મા પાસે છૂટછાટ કે રજા મેળવવી એ કુંભકર્ણને ઊંઘમાંથી જગાડવા જેવું કપરૂકામ ! પૂ.મા તો રાત્રે સાડા દશ વાગ્યે એટલા જ ઉત્સાહથી લીલામૃત પાન કરાવવા બેસી ગયા છે. એક વખત ગુરુલીલામૃત શરૂ થયું એટલે એજ પાગલ અવસ્થા.



આટલી ઠંડીમાં નથી મફલર વીંટયું કે નથી ગરમ શાલ ઓઢી. કબીરની જેમ પ્રેમ ચદરીયા ઓઢીને મસ્ત બની ગયા છે. ગુરુદેવપ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી શું નથી પ્રકટયું ? યોગેશ્વર બાવની, ગુરુદેવની આરતી, ગુરુદેવની સ્તુતિ ગુરુલીલામૃત અને એ પ્રેમભીના ભજનોની હારામાળા તો અટકતી જ નથી, અંત જ નથી એ અનંતપ્રેમનો. અંતરમાં ઉભરાતી એ પ્રેમભરતીને શબ્દરૂપે ડાયરીના પાના કેટલા સમાવવાનાં ? પૂ માએ લીલામૃતને ચોપાઇઓમાં પણ ગાયું છે. અત્યારે ૧૧ વાગ્યે એ ચોપાઈઓમાં આકાર પામેલો પ્રેમ પ્રકટ થઈ રહ્યો છે. શું એની મધુરતા ! ગંગામૈયાના રાત્રિના એ નીરવ સાન્નિધ્યમાં પૂ માના ગુરુપ્રેમની ચોપાઇઓમાં વહેલી મધુતા માણવા તો પૂ.માનું અંતર જોઈએ, પ્રેમ જોઈએ, એ ઘાયલ અવસ્થા જોઈએ. ભાવિકોતો એ અમી છંટકાવથી ધન્ય બની ગયા.

જેઓ પૂ માનો પ્રભુપ્રેમ સત્સંગપ્રેમ નહીં સમજી શકે તેઓને પૂ.માનુ પરમ સાન્નિધ્ય પચાવવું કદાચ અઘરૂ પડશે. તીર્થક્ષેત્રમાં કે ગમે ત્યાં પૂ માનું સહજ સાન્નિધ્ય પામેલા ભકતોની એક એક પળ સત્સંગમાં વીતે તે માટે જાગૃત રહે છે. કેટલીક વખત થોડા સખત થઈને પણ સમય વેડફવા દેતાં નથી. પરંતુ પૂ માનો પ્રેમ એવો છે કે એ પ્રેમ રસાયણની ભઠ્ઠીમાં તપવું ગમે છે.

અત્યારે રાત્રિના ૧૧-૩૦ વાગ્યા છે. પૂ. મા મંજુબેન ભાવાસારને પૂછે છે કે હવે સત્સંગ સભા પુરી કરીશું ને ! પૂ. મા કહે “ આ અમારા સકરટેટી તેમને પૂછવું જોઇએ ને ? ” પૂ. મા સેક્રેટરી ને બદલે સક્કરટેટી કહીને હસાવે છે. પછી કહે સક્કરટેટી ઉપર ખરબચડી હોય પરંતુ અંદર મીઠી હોય ! ” મંજુબેન તથા પૂર્ણિમાબેન પૂ.માના બાજુના રૂમમાં

રહે છે. તેથી તેમને પૂ.માનું ક્યારેક સહજ સાન્નિધ્ય મળી રહે છે. પૂ. મા ક્યારેક રાત્રિના એક વાગ્યે, બે વાગ્યે તેઓને જપ કરવા જગાડે છે. ગંગાતટના રાત્રિના પવિત્ર શાંત વાતાવરણનો વધુ ને વધુ લાભ લેવા પૂ. મા અધિકારી જીવોને જાગૃત કરતા રહે છે. પોતાની જાતના અને બીજા અનેક જીવોના કલ્યાણ માટે અખંડ જાગૃતિ સેવતા એવા એકનિષ્ઠ પરમ પહેરેગીર પૂ. માના શ્રી ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

(સંપૂર્ણ)

સાત્વિક આનંદીપણું, સ્વસ્થતા અને વિશ્વાસ આ યોગ માટેના જરૂરી ગુણો છે.
શ્રી અરવિંદ

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨



( અનુસંધાન પૃષ્ઠ ૧૬ નું ચાલુ )

દેખાયું ના. અરે વિમાનમાં બધાને યાદ કરતાં જ, ઈશ્વરની લીલાનું દર્શન કરતાં જ નવાનવા દશ્યો નીહારતાં જ, વિમાનમાં દોડતા જ હતા.

રાતના નવ વાગે પહોચ્યાં લંડન ઈશ્વરની દયાથી, આજે તો ગુરૂવાર તા. ૧૪/૭/૭૭/ ઈશ્વરની મહાન લીલાનું દર્શન કરીએ છીએ આઠ દિવસ થયા તેની અપાર લીલાનું દાન છે વિમાન પર પ્રેમી ભાઇઓ લેવા આવેલા. બાલમુકુંદભાઇ જીવણભાઈ ભાનુભાઇ બીજા પણ ભાઇઓ લેવા આવેલા, સૌને મળી આનંદ થયો. બધા ગુજરાતી ભાઇઓને જોઈ આનંદ થયો. હૃદય ગદ્દગદ્દ બની ગયું, ને મોટરમાં ઘેર ગયાં.

અમારો ઉતારો પ્રેમી જીવણભાઈને ત્યાં રાખ્યો. મકાન રોડ પર ઘણુ જ સુંદર છે. ઘરના બધાં જ માણસો ખૂબ જ પ્રેમી છે ને પ્રેમથી સેવા કરે છે. આનંદ આવે છે, લંડનમાં ગુજરાતીઓની વસ્તી ઘણી જ છે. લંડન શહેર ખૂબ જ વિશાળ છે, સુંદર પણ ઘણુ જ છે. મોટરોનો પાર જ નથી. એકાદ સ્કૂટર તથા સાઇકલ જોવા મળે છે. રસ્તા મોટા ને ચોખ્ખા છે માણસો પોતપોતાના કામમાં અથવા મકાનમાં ફાલતું જોવા મળે જ ના. એકદમ શાન્ત છે. ધન્ય છે ઈશ્વરની લીલાને તેની લીલા અપરંમપાર છે.

શ્રીયોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ

# પ્રકાશના પંથે

(ગતાંકથી ચાલુ)

સં. પરમાર્થી

## સાધનાનો દિવસ લંબાય છે.

ઋષિકેશના પાવન પ્રદેશમાં દિવસો શાંતિ ને પ્રસન્નતા-પૂર્વક પસાર થયે જતા હતા. જુદા જુદા અનુભવો પણ થયે જતા હતા. હવે નવરાત્રિનો સમય નજીક આવી રહ્યો હતો. સાધનાનું કામ હજી બાકી હતું. તેને પરિપૂર્ણ કરવા મારાથી બનતા તમામ પ્રયાસ કરી રહ્યો હતો.

માની કૃપા દ્વારા સાધનાની જે સફળતાને મેળવવાનો મેં મનોરથ કર્યો છે તેની સિદ્ધિ માટે આજ સુધીનાં વરસોમાં મારાથી થાય તેટલી મહેનત મેં પ્રામાણિકતા અને નિષ્ઠાથી કરી હતી, તેનો મને ઊંડો આત્મસંતોષ હતો. તો પણ મારા મનનું ઘડતર જ એવું છે કે ધારેલા કામને જ્યાં સુધી પૂરું ના કરું ત્યાં સુધી મને તૃપ્તિ ના વળે. તેથી આ વખતે પણ નવરાત્રિના દિવસોમાં પાણી પર ઉપવાસ કરવાનો મેં વિચાર કર્યો.

પરંતુ માનો વિચાર તેવો ન હતો. જે મહાશક્તિ મને દોરી રહી છે અને મારા જીવનને ચલાવી રહી છે તેની પ્રેરણા કે ઇચ્છા જુદી હતી. મારું સમગ્ર જીવન તે પ્રમાણે જ ચાલે છે. એટલે મારે તે પ્રમાણે ચાલ્યા વિના છૂટકો જ ન હતો.

તા. ૩ સપ્ટેમ્બર ૧૯૫૭ ને મંગળવારે સવારે ધ્યાનમાં બેઠો હતો તે વખતે સવારે ૫ વાગ્યે માએ અનુભવ આપીને જણાવ્યું કે 'ઉપવાસની શી જરૂર છે ? તે વિના તો તમને બધું જણાયા કરે છે. ઉપવાસનું નકામું દુઃખ શા માટે



ભોગવવું છે ? આ વખતે તમારે નવરાત્રિના ઉપવાસ ના કરવા. ફક્ત એક આઠમનો ઉપવાસ કરજો.'

ફરીવાર જણાવવાની પ્રાર્થના કરવાથી શ્રી સાંઇબાબાએ અનુભવ આપીને તેવો જ ખુલાસો કર્યો. તે દિવસ ૧૦ સપ્ટેમ્બર ને મંગળવારનો હતો. મેં તેમને પૂછ્યું: 'હું ઉપવાસ કરું ?'

તેમણે તરત ઉત્તર આપ્યો : 'શું કામ ? તમને જણાયું છે તેમ ઉપવાસ નથી કરવાના. કામ તમને કહ્યું છે તેમ થઇ જશે.'

ઉપવાસ કરવાનો વિચાર પહેલાં પાકો હતો. પરંતુ માની પ્રેરણા પ્રમાણે ચાલવું જ જોઇએ. છેલ્લાં કેટલાંય વરસોથી નવરાત્રિના પાણી પર ઉપવાસ ચાલતા હતા. તેમાં લગભગ આઠ નવ વરસે આ વખતે ઉપવાસ ના કરવાની સૂચના મળી. માની તે સૂચનામાં મંગલ માનીને મેં ઉપવાસની વાતને પડતી મૂકી. તે જે કરે છે તે સારું જ કરે છે, એવો મારો દૃઢ વિશ્વાસ છે. ભૂતકાળમાં તે વિશ્વાસ દરેક વખતે સાચો જ ઠર્યો છે.

મને થયેલી માની પ્રેરણા પ્રમાણે આસો સુદ પૂનમને દિવસે અમે ઋષિકેશની વિદાય લીધી. આસો વદ બીજને દિવસે અમે મુંબઇ આવી પહોંચ્યા. સેનેટોરિયમ મળવાની વાર હતી એટલે થોડો સમય માધવબાગમાં રહેવાનું થયું. દિવાળી પછી દોઢેક માસ માટે અમે વાલકેશ્વરના ખીમજી જીવા સેનેટોરિયમમાં રહ્યાં.

માતાજીની તબિયત ઋષિકેશમાં જ બગડી હતી. મુંબઇ આવ્યા પછી વધારે બગડી. લગભગ એક મહિના સુધી ડોકટરે તેમને ખોરાક પણ બંધ કરાવ્યો હતો. તેમનું શરીર સાવ નિર્બળ બની ગયું હતું.

તેમને સાધારણ આરામ જેવું જણાતા અમે મુંબઇ છોડી પ્રસિદ્ધ તીર્થ આલંદી ને દેહુ જવાનો વિચાર કર્યો. મુંબઇથી

ત્રીસેક ભાઇબહેનો પણ સાથે જોડાયલાં હતાં. અમે રાત્રે પુના પહોંચ્યા. પુનામાં ઉતારાની વ્યવસ્થા ઘણી સારી હતી. ત્યાંથી અમે આલંદી પહોંચ્યા. આલંદીની એ મારી બીજી યાત્રા હતી. સાંજે અમે દેહુ ગામની મુલાકાત લીધી.

દેહુ ગામ મહારાષ્ટ્રના પ્રસિદ્ધ અને સમર્થ સંત તુકારામ મહારાજનું જન્મસ્થાન છે. ગામ પ્રમાણમાં ખૂબજ નાનું છે. પરંતુ તુકારામની સાથે સંકળાયલું હોવાથી તેનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. મહાપુરુષોની લીલાભૂમિની મહત્તા એવી જ અનેરી હોય છે.

દેહુમાં પ્રવેશ કરીને અમે સૌથી પહેલાં પેલા ભંડારા-પર્વતને જોયો, જેના પર બેસીને તુકારામ ભજનકીર્તન ને પ્રભુસ્મરણ કરતા. એ પર્વત પર જ તુકારામે વિઠ્ઠલના દર્શન કરવાનો નિરધાર કરેલો ને તેર દિવસના ઉપવાસ ને તપ પછી કહે છે કે તેમને વિઠ્ઠલ ભગવાનનો સાક્ષાત્કાર થયેલો. નદીને લીધે આ પ્રદેશની શોભા વધારે હૃદયંગમ બની ગઇ છે.

નદીની બાજુમાં જ મંદિર છે. કહે છે કે આ મંદિરમાં તુકારામ સંકીર્તન કરતા ત્યાંથી થોડે દૂર જઇએ એટલે તુકારામનું મકાન આવે છે. મકાન તદ્દન જીર્ણ દશામાં છે. કેટલું નાનું, તૂટેલું-ફૂટેલું ઝૂંપડી જેવું મકાન છે! કેટલાય મહાપુરુષો આવા જ નાના ગામમાં, નાના મકાનમાં ને તદ્દન ગરીબ માત–પિતાને ત્યાં પેદા થયા છે. તેમના જીર્ણ ઘરનો પુનરુદ્ધાર થવો જોઈએ અને તેમનું સ્મારક પણ કરાવવું જોઇએ એમ લાગ્યા વિના ના રહ્યું.

હવે દેહુની એક બીજી પ્રસિદ્ધ જગા જોવાની બાકી હતી તે જગાના દર્શન માટે અમે વિદાય થયાં. તે જગા તુકારામ મહારાજના સ્વર્ગગમનની જગા તરીકે પ્રસિદ્ધ છે. સંત તુકારામ સદેહે પ્રભુના ધામમાં ગયેલા અથવા અંતકાળે



અદૃશ્ય થયેલા એ વાત જાણુતી છે. એ જગામાં એક વૃક્ષ છે. તેની પાસે તુકારામ મહારાજના સશરીર અદૃશ્ય થયા પહેલાં રચેલાં અભંગ લખેલાં છે. આ સ્થાનમાંથી પ્રભુના ગુણાનુવાદ ગાતાં તે મહાન સંતપુરુષ તિરોધાન થઇ ગયા હશે તે વખતે કેવું અલૌકિક દૃશ્ય ઉત્પન્ન થયું હશે ?

દેહુથી રાતે પુના પાછા ફરીને બીજે દિવસે અમે મુંબઈ પાછાં ફર્યાં.

આ વખતે સાધનાની સંપૂર્ણ સિદ્ધિ માટે ઋષિકેશમાં મહા સુદી પાંચમનો દિવસ મળ્યો હતો. એના અનુસંધાનમાં અમે મહા સુદી ચોથને દિવસે સરોડા આવી પહોંચ્યા. પરંતુ પાંચમનો તે દિવસ પણ નિષ્ફળ જ ગયો. તે દિવસે નિર્ધારિત વખતના થોડા સમય પહેલાં એટલે રાતે એક વાગે માએ મને પ્રેરણા આપી કહ્યું કે 'કામ ના થાય તો ચિંતા ના કરશો. નિરાશ ના થશો.' ને ખરેખર કામ ના જ થયું. સાધનાની સિદ્ધિના આવા કેટલાય દિવસો છેલ્લાં દરેક વરસમાં મિથ્યા થયા. મિથ્યાત્વનું આ ચક્ર લાંબા વખતથી ચાલ્યા જ કરે છે. તેની અસર પણ મારા પર ભારે થાય છે. છતાં નિરાશ થઈને બેસી રહેવાથી શું વળે ?

ઉપરા ઉપરી આવી મળેલી નિષ્ફળતા છતાં પણ મારી શ્રદ્ધાની જ્યોતિ એવી જ જ્વલંત અને અડગ રહી છે કે મારા જીવનની પાછળ, જીવનની પ્રત્યેક પળ અને પ્રવૃત્તિની પાછળ, એ મહાશક્તિનો હાથ છે. મારા દ્વારા તેની જ સાધના થઈ રહી છે, તે જ સાધના કરે છે, અને તેની ઇચ્છા પ્રમાણેના ચોક્કસ સમયે સાધનાના સુવર્ણમંદિરને સિદ્ધિના કિંમતી કળશથી પણ તે જ સુશોભિત કરી દેશે. એ શ્રદ્ધાજ મારી સદાની સહચરી બનીને મારા જીવનમાં જાગ્રત રહી છે અને મને શકિત પણ તે જ પૂરી પાડે છે. (ક્રમશઃ)

## વાર્ષિક ૧૨ ٪ લેખે દર મહિને વ્યાજ

### આપના નાણાં પોસ્ટ ઓફિસ માસિક આવક યોજનામાં રોકો

* વાર્ષિક ૧૨% લેખે દર મહિને વ્યાજની ચૂકવણી.

* ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦ અથવા તેના ગુણાંકમાં રોકો. મહત્તમ મર્યાદા : વ્યક્તિગત રૂા. ૧ લાખ તથા સંયુક્ત ખાતામાં રૂા. ૨ લાખ સુધી. ઉપરોક્ત મર્યાદામાં એકથી વધુ ખાતા ખોલાવી શકાય.

* રૂા. ૫,૦૦૦ આજે જ રોકો અને દર મહિને રૂા. ૫૦ વ્યાજ મેળવો. રૂા. ૧૦,૦૦૦ના રોકાણ પર દર મહિને રૂા. ૧૦૦ વ્યાજ મેળવો.

* યોજનાનું આકર્ષક પાસું : છ વર્ષની આ યોજનામાં છ વર્ષ સુધી થાપણ અકબંધ રાખવામાં આવે તો મૂળ થાપણના ૧૦% બોનસ વધારાની મૂળ રકમની સાથે જ અપાશે. એટલે કે, રૂા. ૧૦,૦૦૦ના રોકાણ પર રૂા. ૧,૦૦૦ વધારાનું બોનસ મેળવો. આમ, પાકતી મુદતે મૂળ થાપણનું ૧૧૦ ટકા વળતર મેળવો.

* વારસ નિયુક્તિની સગવડ : ખાતેદારના મૃત્યુબાદ, ખાતુ તુરત જ બંધ કરવાની સવલત. * પાસબુકની સવલત.

* પોસ્ટ ઓફિસ સેવિંગ્ઝ બેંકના ખાતામાં પણ દર મહિને વ્યાજ જમા કરવાનો વિકલ્પ.

* એક વર્ષ બાદ, પાકતી મુદત પહેલાં મૂળ થાપણના ૫% કપાત સાથે ખાતુ બંધ કરવાની સવલત.

* રોકડેથી/ચેકથી/ડિમાન્ડ ડ્રાફ્ટથી નજીકની હેડ પોસ્ટ ઓફિસમાં નાણા ભરી આજે જ ખાતુ ખોલાવો અને માસિક આવકનો લાભ મેળવો.

–સચિવ, નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય–માહિતી


( અનુસંધાન ટાઈટલ પેજ ૨ નું ચાલુ )

૨૧–૦૦ અજયભાઈ ના. જાની ભ વનગરને ત્યાં પુત્રીજન્મ નિમિત્ત.

૨૧–૦૦ પુત્ર કૌશિકને ગળાના કાકડાના ઓપરેશન અંગે શ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યા તરફથી.

૫૧–૦૦ શ્રી વંદનાબેન નીતિનકુમાર શુકલને ત્યાં બેબીના જન્મ નિમિત્તે હા. પદ્માબેન ત્રિવેદી

૫૦–૦૦ શ્રી વીણાબેન ઠાકોરભાઈ દેસાઈ, શ્રી ઠાકોરભાઈ માંદગીમાંથી સારા થતાં.

૩૧–૦૦ શ્રી ભરતકુમાર જી. શાહના, જન્મદિન નિમિત્તે હા. કાન્તાબેન, રાજકોટ.

૧૧–૦૦ શ્રી કૃષ્ણકુમાર વિઠ્ઠલદાસ ઠક્કર, મુંબઈ.

૫૧–૦૦ સરસ્વતીબેન અશ્વિનકુમાર ઈજનેર તરફથી પુત્રને એ.જી.માં પ્રવેશ મળવાથી.

૨૫–૦૦ નરહરિભાઈ નારણભાઈ ભટ્ટ, અમદાવાદ.

૨૧–૦૦ શ્રી સુશિલાબેન કિશોરસિંહ ઠાકોર, પૌત્ર પલકના પ્રથમ જન્મદિન નિમિત્તે

૫૧–૦૦ શ્રી રમણિકલાલ શાહ, અમદાવાદ પરેશભાઈના લગ્ન પ્રસંગે.

૧૧–૦૦ સ્વ. જમનાદાસ બાટલીઆની તિથિ નિમિત્તે હા. હસમુખભાઈ.

૫૧–૦૦ શ્રી ચંદ્રકાન્ત બી. ટેલર, રાંદેર.

૨૩–૪૦ એન. શાહ, ડરબન.

૧૫–૦૦ શ્રી અશોકભાઈ કે. ગણાત્રા, સોલા.

૨૫–૦૦ શ્રી મહેશકુમાર મગનલાલ પટેલ, સુરત.

૧૫–૦૦ શ્રી રસેશ રજનીકાન્ત છાયા, વડોદરા.

સહુને અભિનંદન

## સમાધિ સુધી પહોંચવા ઉત્સાહ ને પુરુષાર્થ આવશ્યક

જેમને સમાધિ જેવા સાધનાના ઉત્તમ અનુભવોની ઇચ્છા હોય, તેમણે આ વાત સમજી લેવી જોઈએ. અંતરના ઉંડાણમાં લખી રાખવું જોઇએ કે સતત પરિશ્રમ વિના એવા અનુભવોની ઇચ્છા સંતોષાય તેમ નથી. જેમણે થોડા વખતમાં સાધનાના સર્વોત્તમ અનુભવ-શિખર પર પહોંચી જવું છે તેમણે બીજી બધી વાતોમાંથી મનને પાછું વાળીને આદુ ખાઇને ખંતપૂર્વક સાધના પાછળ પડવું જોઈશે. ઉત્સાહ, ખંત, હિમ્મત ને શ્રદ્ધાની માત્રાને વધારવી પડશે. ને પ્રમાદ કે દીર્ઘસૂત્રીપણાનો કાયમને માટે ત્યાગ કરવો પડશે. માણસોમાં વધારે ભાગે ઉત્સાહની ખામી હોય છે; સાધનાના ઉત્તમ અનુભવો ન થવામાં, એ કારણો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

કુંડલિની જાગૃતિ પછી સાધકને દસ જાતના નાદ સંભળાય છે; એમ યોગશાસ્ત્રમાં કહેલું છે. દશરથાચલ પર્વત પર એવો નાદ ચાલતો હોવાથી મન તેમાં તરત જ એકાગ્ર થઇ જતું. એટલે સમાધિનો અનુભવ મેળવતાં મને વાર ના લાગી. મનની પેલી પારના પ્રદેશનું દ્વાર જાણે કે સહેજમાં ઉઘડી ગયું અને મને શાંતિ મળવા માંડી. અંતરમાં આનંદ આનંદ થઈ રહ્યો. શરૂઆતમાં પા કે અર્ધો કલાક ને પછી તો ચાર ને પાંચ કલાક સુધી શરીરની વિસ્મૃતિનો એ અનુભવ કાયમ રહેવા લાગ્યો.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર.